
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૨૧



વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો,
પોતે વિદેહ જઈ દિવ્યધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● મનુષ્ય સમુદ્રો, પર્વતો, દેશો અને નદીઓને ઓળંગી શકે છે, પરંતુ મૃત્યુના નિશ્ચિત સમયને દેવ પણ નિમેષમાત્ર (આંખના પલકારા બરાબર) જરા પણ ઓળંગી શકતો નથી. આ કારણે કોઈપણ ઈષ્ટજનનું મૃત્યુ થતાં ક્યો બુદ્ધિમાન મનુષ્ય સુખદાયક કલ્યાણમાર્ગ છોડીને સર્વત્ર અપાર દુઃખ ઉત્પન્ન કરનાર શોક કરે ? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન શોક કરતો નથી. ૧૮૩૯.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૨૨)

● આત્મદર્શી—જો આત્મજ્ઞાની હૈં તે મૃત્યુ નામ મિત્રકા પ્રસાદકરિ સર્વ દુઃખકા દેનેવાલા દેહપિંડકૂં દૂર છાંડકરિ સુખકી સંપદાકૂં પ્રાપ્ત હોય હૈ. ૧૮૪૦.

(મૃત્યુ મહોત્સવ, શ્લોક-૬)

● જે જીવને જે દેશમાં જે કાળમાં જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દારિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં તે જ કાળમાં તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઈન્દ્ર કે જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઈપણ અટકાવી શકતા નથી. ૧૮૪૧. (સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા ૩૨૧-૩૨૨)

● હે જિનેન્દ્ર ! આપનું દર્શન થતાં મારા મનમાં ચિંતામણિ, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ એવી રીતે કાન્તિહીન (ફીક્કા) થઈ ગયા છે, જેમ પ્રભાત થઈ જતાં આગિયા કાન્તિહીન થઈ જાય છે. ૧૮૪૨

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, જિનવર સ્તવન, શ્લોક-૨૨)

● બહિરાત્મા ઈન્દ્રિય-દ્વારોથી બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત્ત હોવાથી આત્મજ્ઞાનથી પરાઙ્મુખ—વંચિત હોય છે, તેથી તે પોતાના શરીરને મિથ્યા અભિપ્રાય-પૂર્વક આત્મારૂપે સમજે છે. ૧૮૪૩. (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭)

● વિદ્યા અને મંત્રો દ્વારા, બળ દ્વારા તથા તપ અને દાન દ્વારા જે જૈનધર્મની ઉન્નતિ કરવામાં આવે છે તે બાહ્ય-પ્રભાવના અંગ કહેવાય છે તથા આ પણ તત્ત્વજ્ઞાનીઓની વિધિમાં આવે છે. ૧૮૪૪

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૮૧૫)

વર્ષ–૧૫
અંક–૫




વિ. સંવત
૨૦૭૫
January
A.D. 2020



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**(સમયસાર ગાથા ૯૬ ઉપર પ્રવચન)**

**ત્રિકાળી અનુભૂતિને અનુચિત એવા**

## ક્રોધાદિનો કર્તા થતો અજ્ઞાની

ધર્માસ્તિ આદિનો વિકલ્પ ઊઠ્યો તેને મારો માનીને ‘હું પરદ્રવ્ય છું’ એવા મિથ્યા અધ્યાસને લીધે ‘હું ધર્માસ્તિ છું, હું અધર્માસ્તિ છું’ આદિ માને છે. અહીં તો જૈનની વાત લીધી છે કે ભગવાનની વાણીથી, શાસ્ત્રોથી ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો ધારણામાં લીધા છે એવો અજ્ઞાની, જાણવાલાયક છ દ્રવ્યો પર તરીકે છે છતાં તેને મારા માનીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માને ભૂલીને ત્યાં રોકાઈ ગયો છે. મનનાં વિષયરૂપ ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિને પોતાના માનીને શુદ્ધ ચૈતન્યરૂપ ભગવાન આત્મા ત્યાં રોકાઈ ગયો ને ઈન્દ્રિયના વિષયભૂત જે રૂપી પદાર્થો ત્યાં કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાઈ ગયો.

મૃતક ક્લેવર વડે એટલે કે આ શરીર અત્યારે જ મૃતક ક્લેવર છે. તેની સંભાળ આડે અમૃતસ્વરૂપ અમૃતસાગર વિજ્ઞાનઘન મૂર્છિત થઈ ગયો છે. પ્રભુ ! તું અમૃતનો સાગર છો, અતીન્દ્રિય આનંદનો સાગર વિજ્ઞાનઘન પ્રભુ છો, પણ મૃતક ક્લેવર શરીરને

**કલ્યાણોના મહાન વળી જે પાપભેદી ઉદાર;**
**તે ભીતોને અભયપ્રદ જે જે અનિન્દિત સાર;**

શણગારવામાં, સાચવવામાં ને દેખાવ કરવામાં, પરમ અમૃતસ્વરૂપ ભગવાન એ મડદામાં મૂર્છાઈ ગયો. આહાહા! આ તે કેવી વિચિત્રતા! અમૃતસ્વરૂપ ભગવાન આત્મા મૃતક ક્લેવરમાં ક્યાં મૂર્છાઈ ગયો?

અરૂપી ભગવાન આત્મા રૂપી જડ શરીરને કેમ અડે? અરે! અરૂપી ભગવાન આત્મા બીજા અરૂપીને પણ ન અડે તો આ રૂપી મડદાને કેમ અડે? છતાં અમૃતસ્વરૂપ ભગવાન આત્માના ભાન વિના મૃતક ક્લેવર વડે મૂર્છિત થયો હોવાથી પરદ્રવ્યને મારા માનતો થકો—ભલે પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ પણ પરદ્રવ્યને મારા માનતો થકો એ રાગાદિ વિકલ્પનો કર્તા પ્રતિભાસે છે.

આ આત્મા અજ્ઞાનને લીધે, જે ક્રોધાદિ ભાવો છે તે ભાવકકર્મનું ભાવ્ય છે પણ ભગવાન આત્માનું એ ભાવ્ય નથી, છતાં અજ્ઞાની ક્રોધાદિ ભાવ્યને ચેતન ભાવક સાથે એકરૂપ માને છે. ચેતન ભાવકનું ભાવ્ય જુદું હોય, ક્રોધાદિ ન હોય, છતાં કર્મરૂપ અચેતનનું જે ભાવ્ય ક્રોધાદિ તેને અજ્ઞાની પોતામાં એકરૂપ કરે છે. ચેતન ભાવકનું ભાવ્ય તો સમ્યગ્દર્શન છે, પણ ચેતન ભાવકને અજ્ઞાનીએ જાણ્યો નથી, તેથી ચેતન ભાવકનું ભાવ્ય તો તેને આવ્યું નથી, તેથી અચેતન કર્મરૂપ ભાવકનું ભાવ્ય જે વિકારી ભાવ તે મારા છે એમ માનીને અજ્ઞાની તેનો કર્તા ભાસે છે. વળી પરજ્ઞેય જે ધર્માસ્તિ આદિ છ દ્રવ્યો જાણવાલાયક છે તેને જ્ઞાયક સાથે એકરૂપ માને છે. તેથી રાગાદિરૂપ સવિકારનો તથા સોપાધિકભાવનો અજ્ઞાની કર્તા પ્રતિભાસે છે.

—એ રીતે કર્તાપણાનું મૂળ અજ્ઞાન છે એમ સિદ્ધ થયું.

## અત્યંત મધુર ચૈતન્યરસ

તે મધુર ચૈતન્યરસથી વિરુદ્ધ એવા ક્રોધાદિનું કર્તાપણું અજ્ઞાનથી જ છે. ભેદજ્ઞાનવડે મધુર ચૈતન્યરસનો સ્વાદ ચાખતાં તે ક્રોધાદિનું કર્તાપણું છૂટી જાય છે. તે ભેદજ્ઞાનની રીત અહીં સંતોએ સમજાવી છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેથી અનુભૂતિ તો નિર્વિકાર જ્ઞાનમાત્ર છે. બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય આવો આત્મા, તે ભાવક થઈને ક્રોધાદિને ભાવે,—તે ક્રોધાદિરૂપે પોતાને અનુભવે એ તો અનુચિત છે. શુદ્ધ ચૈતન્ય ભાવક, ને ક્રોધ તેનું ભાવ્ય—એ વાત ઉચિત નથી, યોગ્ય નથી, એવું અનુચિત ભાવક-ભાવ્યપણું તા અજ્ઞાનથી જ પ્રતિભાસે છે.

**જન્માબ્ધિમાં ડુબત સઘળા જંતુને નાવ છે જે,**
**જિનેંદાના ચરણકમળો એહવા વંદીને તે. ૧.**
કલ્યાણમંદિર અપરનામ શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર

પોતાના સહજ ચૈતન્યભાવને ભૂલીને અજ્ઞાનીને ‘હું ક્રોધ...હું ક્રોધ’ એમ ઘૂંટાઈ ગયું એટલે ક્રોધપણે જ પોતાને અનુભવતો થકો તે ક્રોધાદિભાવોનો કર્તા થાય છે. આ રીતે અજ્ઞાનથી જ વિકારનું કર્તાપણું છે.

‘અહો, મારો ચૈતન્યરસ તો અત્યંત મધુર છે; આ મધુર ચૈતન્યરસ ક્રોધ-રાગાદિ સમસ્ત અન્યભાવોથી જુદી જાતનો છે; ચૈતન્યના સ્વાદને તથા રાગાદિના સ્વાદને જરાય મેળ નથી, જરાય ભેળસેળ નથી, બંનેની જાત જ એકબીજાથી તદ્દન જુદી છે.’—જ્ઞાની થતાં જીવને આવું ભેદજ્ઞાન થાય છે, અને ત્યારે તે જ્ઞાનમાત્ર પોતાના ભાવ સિવાય ક્રોધાદિ કોઈ ભાવોને જરાપણ પોતાપણે અનુભવતો નથી. એટલે તેનો કર્તા થતો નથી. આ રીતે જ્ઞાનવડે જ ક્રોધાદિનું કર્તાપણું છૂટી જાય છે. ચૈતન્યના જ્ઞેયપણે જણાતો રાગ, તેનો સ્વાદ તો ચૈતન્યથી જુદો છે, પણ અજ્ઞાની તે રાગના સ્વાદને ચૈતન્યના સ્વાદમાં ભેળવીને એમ અનુભવે છે કે હું ચૈતન્ય અને આ ક્રોધાદિભાવો મારું કાર્ય;—એમ માનીને ચૈતન્ય અને રાગ બંનેને એકમેકપણે તે અનુભવે છે.

અરે ભાઈ! ક્યાં તારી ચૈતન્યજાત! ને ક્યાં રાગની જાત! તેમને કર્તા-કર્મપણાનો સંબંધ માનવો તે તો અનુચિત છે, ચૈતન્યમાં તે રાગનું કર્તૃત્વ શોભતું નથી. ચૈતન્ય-અમૃતરૂપ ભગવાન આત્મા, તે મરેલાં જડ કલેવરનો કર્તા થાય—એ તે કાંઈ એને શોભે છે? જેમ મનુષ્યને ભૂત વળગ્યું હોય ત્યાં તે મનુષ્યની ચેષ્ટા જ બધી બદલાઈને ભૂત જેવી બિહામણી ભયંકર તેની ચેષ્ટા થઈ જાય, એ તે કાંઈ મનુષ્યને શોભે છે?—ના, એ તો અમાનુષી વ્યવહાર છે, તે કાંઈ મનુષ્યને ઉચિત વ્યવહાર નથી. તેમ શાંત-નિર્વિકાર ચૈતન્યપ્રભુ, તેની ચેષ્ટાઓ તો શાંત ચૈતન્યભાવરૂપ હોય, તેને બદલે ‘હું ક્રોધ’ એવા મિથ્યાત્વરૂપ ભૂતને લીધે તે અનેક પ્રકારના રાગ-દ્વેષ-પુણ્ય-પાપ-ક્રોધાદિ ભાવોની ચેષ્ટા કરે છે ને તે ભાવરૂપે પોતાને અનુભવે છે. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! આવું ભૂત તને ક્યાંથી વળગ્યું? ચૈતન્યનું અમૃત અને રાગનું ઝેર એ બેમાં એકમેકપણાની દુર્બુદ્ધિ તને ક્યાંથી થઈ? તારા નિર્વિકાર ચૈતન્યની ચેષ્ટામાં ક્રોધાદિ વિકારનું કર્તૃત્વ કેમ શોભે? વાણીયાના મોઢામાં માંસ તે કાંઈ શોભે? કદી ન શોભે તેમ ચૈતન્યના ભાવમાં વિકારનું કર્તૃત્વ કદી શોભતું નથી. છતાં માને તો તે અજ્ઞાન છે. ક્રોધાદિભાવોની ચેષ્ટા તે કાંઈ ચૈતન્ય માટે યોગ્ય નથી. માટે હે ભાઈ, તું ચૈતન્ય અને ક્રોધને અત્યંત જુદા જાણીને અજ્ઞાનમય ચેષ્ટાઓને છોડ. (ક્રમશઃ) ❋

> જેના મોટા મહિમ–જલધિ કેરૂં સુસ્તોત્ર અત્ર,
> સુમેધાવી સુરગુરુ સ્વયં ગુંથવા નાંહિ શક્ત,




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૩-૫-૪૪, રવિવાર) વ્યાખ્યાન નં. ૨૪
(ગાથા ૩૮)



આત્માના ગુણો ત્રિકાળ છે, તે ગુણની પ્રગટ અવસ્થા એક સમયે એક જ હોય. એક સમયની પ્રગટ અવસ્થા બીજા સમયે બદલી જ જાય છે. કેવળજ્ઞાન દશા લો કે સિદ્ધદશા લો, તે એક સમયની મર્યાદાવાળી જ છે. સિદ્ધભગવાનને કાંઈ બે પર્યાયોનો એક સાથે અનુભવ થતો નથી. એક પર્યાય પછી જ બીજો પર્યાય આવે. પર્યાયનો ઉત્પાદ એક જ સમયપૂરતો છે, બીજા સમયે તેનો વ્યય થઈ જાય છે, માટે એકેક પર્યાય શરણભૂત નથી, તે ઉપાદેય નથી. વિકારીપર્યાય તો આત્માને શરણભૂત નથી પણ વિકારનો નાશ કરવાવાળા નિર્મળપર્યાય જેટલો પણ આત્મા નથી. અનંતગુણનો ત્રિકાળ પિંડ, પારિણામિકસ્વભાવરૂપ ધ્રુવ વસ્તુ તે આત્મા છે. તે વસ્તુની શ્રદ્ધા કરવી—તેને પોતાનું સ્વરૂપ માનવું તે જ ધર્મ છે—તે જ સમ્યગ્દર્શન છે. પોતાના સ્વભાવના નિર્ણય માટે ભગવાનને પૂછવા જવું ન પડે. પોતે જ પોતાના સ્વભાવનો નિર્ણય કરે છે કે હું ત્રિકાળી ગુણ-પર્યાયોથી અભેદ પરિપૂર્ણ છું, વિકારથી સદાય દૂર છું. ભગવાન સમયસાર—શુદ્ધાત્મા એક સમયમાં પરિપૂર્ણ છે; તેના ઉપર દૃષ્ટિ કરતાં જ કામદેવનો અસ્ત થઈ જાય છે. જ્યાં સ્વભાવ બેઠો ત્યાં વિષયોની વાસના હોય જ નહિ. કેવળજ્ઞાનપર્યાય જેટલું પણ પોતાનું સ્વરૂપ જે ન માને તે જીવ વિકારમાં કે પરવસ્તુમાં પોતાનું સુખ કેમ માને ?

આત્માના ભંડારમાં વિકાર છે જ નહિ; જો આત્માના ભંડારમાં વિકાર ભર્યો હોય તો તે કદી ટળે નહિ. વિકાર તો ઉપર ટપકતી અવસ્થા છે, મૂળ સ્વભાવમાં તેનો કદી પ્રવેશ નથી. તેથી જ્યાં સ્વભાવનું ભાન કરીને—તેને જ ઉપાદેય માનીને સ્વભાવમાં પર્યાય વળ્યો ત્યાં પર્યાયમાંથી વિકારનો અસ્ત થયો. સ્વભાવના આદરથી નિર્મળપર્યાયનો ઉદય થયો ને વિકારપર્યાયનો અસ્ત થયો.

આ ચોથા ગુણસ્થાનના ધર્મની વાત છે, કેવળજ્ઞાન થયા પહેલાં ધર્મીને કેવી શ્રદ્ધા

જે તીર્થેશા કમઠ–મદને ધૂમકેતુ જગીશ,
એવા તેનું સ્તવન વર આ નિશ્ચયે હું કરીશ. ૨

હોય તેની વાત છે. આત્મા પોતે પરમાત્મસ્વરૂપ જ છે. જ્યાં તે સ્વભાવમાં પુરુષાર્થનું જોર ઉપાડ્યું ત્યાં કામદેવનું જોર કેવું? આનંદમૂર્તિ સ્વભાવ સિવાય બીજા કોઈનો સ્વીકાર જ સમ્યગ્દર્શન કરતું નથી. જ્યાં આવી શ્રદ્ધા પ્રગટી ત્યાં કામવાસના જ નથી, ઇંદ્રાણી આવે તોય તેમાં સુખબુદ્ધિ થાય નહિ.

બહિર્દૃષ્ટિ લોકો કહે છે કે મનના ઘોડા વશ રહે નહિ. તેને આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! જ્યાં શુદ્ધદ્રવ્યસ્વભાવમાં રુચિ અને વલણ થયું ત્યાં મન કેવું અને વિકલ્પ કેવા? સ્વભાવની જાગૃતિ થઈ ત્યાં સાધકને સ્વભાવથી ચલાયમાન કરવા જગતમાં કોઈ સમર્થ નથી. માટે તું તારા સ્વભાવને જો, તેનો આદર કર ને સંયોગનો આદર છોડ.

અજ્ઞાની જીવ માત્ર પર્યાયને જ જુએ છે તેથી તેને વિકારનો જ અનુભવ છે, જ્ઞાની જીવ એકેક પર્યાયનું લક્ષ છોડીને આખા દ્રવ્યસ્વભાવને જ જુએ છે; ત્રિકાળી સ્વભાવને જોતા તેમને પર્યાયમાંથી ક્ષણિક વિકારનો અસ્ત થઈ જાય છે.

સમ્યગ્દર્શન થતાં જ મિથ્યાત્વરૂપી વાસના તો ટળી જ જાય છે, જે અસ્થિરતારૂપી વિકારવાસના રહે છે તેને જ્ઞાની પોતાના સ્વભાવમાં સ્વીકારતા નથી; તેમને સદાય સ્વભાવની જ મુખ્યતા છે, ક્ષણિક અવસ્થાની મુખ્યતા કદી નથી; તેથી સ્વભાવની મુખ્યતામાં તો અસ્થિરતારૂપી વાસના પણ ક્યાં છે?

અવસ્થામાં રાગાદિ થતા હોવા છતાં, તે વખતે જ, પોતાનો શુદ્ધાત્મસ્વભાવ બધી વિકારવાસનાથી રહિત જ છે—એવી શ્રદ્ધાના જોરમાં જ્ઞાનીને ખરેખર વિકાર થતો જ નથી, સ્વભાવના આશ્રયે સ્વભાવદશા જ ઉદય પામે છે ને વિકાર અસ્ત પામે છે. અહીં તો વિકાર થાય છે અને નાશ પામે છે એવી દશાને જોવાની વાત નથી. એકરૂપ નિરપેક્ષ સ્વભાવ બંધ-મોક્ષ વગરનો એવો ને એવો છે—છે—છે, એનો જ સ્વીકાર છે.

વેપારમાં લાખોની આવક થતી હોય ને પાંચ રૂપીયા વ્યાજના ભરવા પડતા હોય, તો ત્યાં લાખોની આવકના જોરે પાંચ રૂપીયા વ્યાજ ભરવું પડે તેની ગણતરી નથી. તેમ આત્મા જ્ઞાનમૂર્તિ સ્વભાવ છે તેનો જ્યાં આદર થયો ત્યાં ક્ષણિક વૃત્તિઓનો આદર-સ્વીકાર નથી. ત્રિકાળ સ્વભાવમાં ક્ષણિક વિકારનો અભાવ છે જ, ને એ સ્વભાવમાં જ્યાં એકતા થઈ ત્યાં પર્યાયમાંથી પણ વિકારનો અભાવ છે. જ્યાં સ્વભાવ અને પર્યાય એક થયા ત્યાં વિકાર ક્યાં રહ્યો? સ્વભાવની દૃષ્ટિમાં એક સ્વભાવ જ છે, દ્રવ્ય અને પર્યાય એવા ભેદ પણ નથી તો પછી વિકાર તો હોય જ શેનો? આત્માના અનંત અનંતગુણોથી

**સામાન્યેથી પણ સ્વરૂપ તો વર્ણવા તારું અત્ર,**
**કેવી રીતે અમ સરિખડા નાથ હે ! થાય શક્ત ?**

ભરેલા નિર્મળ પરમાત્મસ્વભાવમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તેના જોરમાં જ્ઞાની વિકારનું જોર ભાળતા નથી.

એક તરફ આત્માનો પવિત્ર સ્વભાવ અને બીજી તરફ વિકાર—એમ બે જ પડખાં છે. વિકાર બધોય દૂરિત છે—પાપ છે. અને આત્મસ્વભાવ તે પાપનો નાશ કરનાર છે. ખરેખર શુભ અને અશુભ એ બંને પાપ જ છે. શુદ્ધસ્વભાવ અપેક્ષાએ પુણ્ય અને પાપ બંનેમાં તફાવત નથી, બંને પાપ જ છે. આવી શ્રદ્ધા અને ઓળખાણ વગર ધર્મ થતો નથી.

આર્યદેશમાં કુંભારનો બાળક પણ કહે છે કે ચોરી કરવાથી પાપ લાગે, લીલોતરી કાપવાથી પાપ લાગે—વગેરે. એ રીતે અશુભ પરિણામને તો પાપ બધાય કહે છે, પરંતુ જ્ઞાનીઓ તો સત્ય, દયા વગેરે શુભ પરિણામને પણ પરમાર્થે પાપ જ કહે છે, શુભ-અશુભરહિત જે નિર્મળ ચૈતન્યસ્વભાવ છે તેને જ પવિત્ર જાણે છે.—આટલી વિશેષતા છે. અજ્ઞાનીઓ પુણ્યને ઉપાદેય માને છે તે જ અધર્મ છે. જ્ઞાનીઓ પુણ્ય-પાપરહિત ચૈતન્ય-સ્વભાવને જ ઉપાદેય માને છે તે જ ધર્મ છે. શ્રી યોગીન્દ્રદેવ યોગસારમાં કહે છે કે—

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ,
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.

જે ભાવ આત્માના પવિત્ર ગુણોના વિકાસને રોકે તે પાપ જ છે, શુભભાવ પણ આત્માના અવિકારીસ્વભાવને રોકે છે તેથી તે પાપ જ છે—એમ આત્મઅનુભવી જ્ઞાનીઓ જાણે છે.

પ્રશ્ન :—શુભભાવને પાપ ન કહેતાં તેનાથી પુણ્યબંધન કહો તો?

ઉત્તર :—વિકારીભાવ તે ભાવબંધન છે ને ભાવબંધન તે ખરેખર પાપ જ છે. લોકોને પુણ્યની એવી રુચિ છે કે, પુણ્ય બાંધ્યા ને તેના ફળમાં સ્વર્ગમાં જશું—એમ માનીને તેની હોંશ કરે છે. અરે ભાઈ! પુણ્ય પરિણામમાં કે સ્વર્ગની સામગ્રીમાં ક્યાં તારું સુખ છે? પુણ્યભાવથી પણ આત્માને બંધન છે—દુઃખ છે. બંધન કહો કે પાપ કહો. 'બંધન' કહેતાં અજ્ઞાનીને એમ લાગે છે કે કર્મોએ આત્માને બાંધ્યો. પણ તેમ નથી. કર્મ આત્માને બાંધતા નથી પણ વિકારીભાવને પોતાનું સ્વરૂપ માનીને આત્મા અટક્યો તે જ બંધન છે. કર્મોની તો આત્મામાં નાસ્તિ છે, તે આત્માને બાંધી શકે નહિ.

(ક્રમશઃ) ❊

**ઘીઠો તોયે ઘુવડ શિશુ રે! દિવસે આંધળો જે,**
**શું ભાનુનું સ્વરૂપ પ્રરૂપે નિશ્ચયે એહવો તે? ૩.**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, અનેકાન્ત વસ્તુમાં જ કાર્યકારણભાવ બને છે એમ દર્શાવે છે :—

**णवणवकज्जविसेसा तीसु वि कालेसु होंति वत्थूण ।**
**एक्केक्कम्मि य समये पुव्वुत्तरभावमासिज्ज ।।२२९।।**

અર્થ :—ત્રણે કાળમાં એક એક સમયમાં પૂર્વ-ઉત્તર પરિણામનો આશ્રય કરી જીવાદિક વસ્તુઓમાં નવા નવા કાર્યવિશેષ થાય છે અર્થાત્ નવા નવા પર્યાય ઊપજે છે.

હવે, આ બતાવે છે કે કાર્ય-કારણભાવ અનેકાંત વસ્તુમાં જ ઘટિત થાય છે.

જીવાદિ છએ દ્રવ્ય જગતમાં ત્રિકાળ છે, તેમાં ત્રણેકાળ પોત-પોતાના પૂર્વ-ઉત્તર પરિણામને પામીને નવા-નવા કાર્ય થતા રહે છે. કોઈ કાર્ય નિમિત્ત અથવા સંયોગનો આશ્રય કરીને થતું નથી, પરંતુ વસ્તુના પોતાના પૂર્વ પરિણામ પલટીને નવીન પરિણામ ઉત્પન્ન થતા રહે છે. આ પ્રમાણે વસ્તુમાં પ્રતિક્ષણ નવીન કાર્ય થતા જ રહે છે. બીજું નિમિત્ત ભલે હોય પરંતુ વસ્તુનું કાર્ય પોતાના પરિણામથી જ થાય છે. જો વસ્તુ પોતે નિત્ય ટકીને ન પરિણમે તો તેમાં નવીન કાર્ય થઈ શકતું નથી.

અજ્ઞાની જીવ કહે છે કે આપણા વગર બીજાનું કાર્ય ન થઈ શકે. પણ ભાઈ ! સામેવાળી ચીજ પણ વસ્તુ છે અને તેનું કાર્ય તેના પોતાનાથી જ થયા કરે છે. આ પ્રકારે કોઈ કહે કે પર વિના મારું કામ ચાલતું નથી તે મૂઢ છે. ભાઈ ! તારું કાર્ય તારા પૂર્વ-ઉત્તર પરિણામથી થાય છે. પ્રત્યેક વસ્તુમાં નવું નવું કાર્ય તેના પોતાના પરિણામથી જ થાય છે. શરીર ચાલે છે તો તેના કારણે અને મડદું ચાલતું નથી તે પણ તેનું જ કાર્ય છે. જીવના કારણે શરીર ચાલે છે—એમ નથી તથા જીવ ચાલ્યો ગયો, માટે મડદું નથી ચાલતું—એમ પણ નથી. હકીકતમાં નવીન કાર્ય થવામાં તે તે વસ્તુનો સ્વભાવ જ છે, માટે નક્કી થાય છે કે શબ્દ આદિના કારણે સચી સમજણ નથી થતી, (સાચી સમજણ પોતાના જ્ઞાનથી જ થાય છે.) પરથી સુખ-દુઃખાદિ નથી થતું, પણ પૂર્વ અને ઉત્તર પરિણામના આશ્રય કરીને નવીન કાર્ય એટલે કે વિશેષ અવસ્થા થાય છે.

**હે જિનેંદા ! અનુભવ કરે મોહવિનાશ દ્વારા,**
**તોયે મર્ત્યો સમરથ નથી ગુણવા ગુણ ત્હારા;**

દરેક દ્રવ્યમાં પોતપોતાની યોગ્યતાથી તેને કારણે જ નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે. ત્રણેકાળ એક જ નિયમ છે, કોઈ પણ કાળે પરથી કાંઈ થતું હોય—એમ નથી. એમ જ લોકની સર્વ વસ્તુઓનો સ્વતંત્ર સ્વભાવ છે.

જીવ છે તો ભાષા બોલવામાં આવે છે અથવા તો શરીરની ક્રિયા, જીવની ઈચ્છાનુસાર થાય છે—એવો ભ્રમ સંયોગમાં એકત્વબુદ્ધિવાળા અજ્ઞાનીને થાય છે. હકીકતમાં ભાષાને કારણે ક્રોધ થતો નથી તથા જ્ઞાન પણ ભાષાના કારણે નથી થતું. દરેક દ્રવ્યનું પરિણમન સ્વસત્તામાં, પોતાથી, સ્વકાળે થાય છે. ભાષાવર્ગણા પલટીને ભાષા થાય છે, જીવની ઈચ્છાથી ભાષા થઈ નથી. સંયોગને જોવાવાળો સ્વભાવને ચૂકે છે, તે પરવસ્તુને પણ સંયોગથી પરાધીનરૂપ જ જુએ છે. જે નવીન નવીન કાર્ય થાય છે, તે પ્રત્યેક દ્રવ્યનો પર્યાયધર્મ છે, તે સંયોગના કારણે થયો એમ કહેવું ઉપચાર કથન છે; પરંતુ સંયોગથી કદાપિ પરનું કાર્ય થતું નથી.

હવે પૂર્વ-ઉત્તરભાવમાં કારણ-કાર્યભાવ દૃઢ કરે છે :—

**पुव्वपरिणामजुत्तं कारणभावेण वट्टदे दव्वं ।**
**उत्तरपरिणामजुदं तं चिय कज्जं हवे णियमा ।।२३०।।**

અર્થ :—પૂર્વપરિણામયુક્ત દ્રવ્ય છે તે તો કારણભાવથી વર્તે છે તથા તે જ દ્રવ્ય ઉત્તરપરિણામથી યુક્ત થાય ત્યારે કાર્ય થાય છે એમ તમે નિયમ જાણો.

ભાવાર્થ :—જેમ પિંડરૂપે પરિણમેલ માટી તો કારણ છે અને તેનું ઘટરૂપે પરિણમેલ માટી તે કાર્ય છે. તેમ પૂર્વપર્યાય (પ્રથમના પર્યાય)નું સ્વરૂપ કહી હવે જીવ ઉત્તરપર્યાયયુક્ત થયો ત્યારે તે જ કાર્યરૂપ થયો; એવો નિયમ છે. એ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ કહીએ છીએ.

જુઓ, આ ગ્રંથની ૨૨૨મી અને ૨૩૦મી ગાથા અક્ષરશઃ મળે છે. આ ગાથાઓમાં ચૌદ બ્રહ્માંડના તત્ત્વોનું વર્ણન છે.

તીવ્ર રાગ પલટીને મંદરાગ થયો, તેમાં કારણ કોણ? વસ્તુ પોતે પૂર્વ પર્યાયરૂપથી પલટીને ઉત્તરપર્યાયરૂપ વર્તે છે. પૂર્વ પર્યાયમાં વર્તતું દ્રવ્ય, કારણરૂપ વર્તે છે અને ઉત્તર પર્યાયમાં તે કાર્યરૂપ વર્તે છે પરંતુ અન્ય કોઈ તેનું કારણ નથી.

**કલ્પાંતે જ્યાં નીરનિધિતણું નીર નિશ્ચે વમાય,**
**કોનાથી ત્યાં પ્રકટ પણ રે ! રત્નરાશિ મપાય ? ૪.**

જેમ માટીનો પીંડ કારણ છે અને તેનો ઘડો થયો તે કાર્ય છે પરંતુ કુંભાર કારણ અને ઘડો તેનું કાર્ય—એમ નથી. પૂર્વ પર્યાયમાં વર્તતું દ્રવ્ય જ કારણરૂપ થઈને ઉત્તર પર્યાયમાં કાર્યરૂપ વર્તે છે. પરંતુ તેમાં અન્ય કોઈનો હસ્તક્ષેપ નથી. જુઓ, આ જગતના વસ્તુનો નિયમ.

ભાઈ ! કુંભાર ઘડાનો કર્તા નથી પરંતુ માટી પોતે જ પલટીને ઘડાની પર્યાયરૂપ પરિણમિત થઈ છે. કુંભાર આવ્યો માટે ઘડો બન્યો અને ન આવ્યો તો ઘડો ન બન્યો—એમ તો સંયોગીદૃષ્ટિવાળા અજ્ઞાની માને છે પરંતુ તે વસ્તુના સ્વભાવને જાણતા નથી. માટી, પૂર્વ પરિણામમાં પિંડરૂપ વર્તતી હતી, તે પલટીને ઘડારૂપ થઈ છે. ત્યાં પૂર્વ પરિણામમાં વર્તતું દ્રવ્ય, કારણ છે અને ઉત્તર પરિણામ થવું, કાર્ય છે. ઉપાદાન તો કારણ છે અને કાર્ય થયું, તે નૈમિત્તિક અથવા ઉપાદેય છે.

પ્રશ્ન :—વસ્તુમાં નવું કાર્ય થયું, તેનું કારણ કોણ છે ?

ઉત્તર :—પૂર્વ પર્યાયમાં વર્તતી વસ્તુ જ તેનું ઉપાદાન કારણ છે. નવા-નવા કાર્ય, દ્રવ્યના પોતાના કારણથી જ થાય છે; નિમિત્ત ભલે હો પરંતુ નિમિત્તથી કાર્ય થતું નથી. કાર્યને નૈમિત્તિક કહ્યું, માટે નિમિત્તે તેમાં કાંઈ કર્યું છે—એમ નથી. નિમિત્તની અપેક્ષાથી કથન કરવા માટે કાર્યને નૈમિત્તિક કહેવામાં આવે છે અને ઉપાદાનની અપેક્ષાથી તે જ કાર્યને ઉપાદેય કહેવામાં આવે છે પરંતુ કાર્ય તો વસ્તુના પોતાના જ કારણથી થાય છે—એવું પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ છે.

તાત્પર્ય એ છે કે સર્વજ્ઞદેવે પોતાના જ્ઞાનમાં લોકનું જેવું સ્વરૂપ જોયું છે, તેવું જ્ઞાની પોતાના જ્ઞાનમાં ચિંતવન કરે છે. લોકના બધા દ્રવ્યો પોતાની પૂર્વ પર્યાયથી ઉત્તર પરિણામરૂપ પરિણમિત થાય છે. આ પ્રકારે પ્રત્યેક વસ્તુ અનાદિ-અનંત કારણ-કાર્યરૂપ પરિણમિત થઈ રહી છે. જીવ પણ અનાદિથી પોતાના કારણ-કાર્યભાવથી પરિણમિત થાય છે—એમ આગળ કહેશે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

અસ્તિરૂપ છે ને કર્મથી તે નાસ્તિરૂપ છે, એટલે કર્મના ઉદયને લીધે તે ઉદયભાવ થયો—એમ ખરેખર નથી. પરથી તો આત્માનું નાસ્તિત્વ છે, એટલે આત્મા અને પરની વચ્ચે મોટો નાસ્તિરૂપી કિલ્લો છે, તેથી પર આત્માને કાંઈ કરી શકે એમ બની શકતું નથી.

**સંખ્યાતીતા મહદ્ ગુણની ખાણ એવા તમારું,**
**સ્તોત્ર સ્વામી ! જડમતિ છતાં ગુંથવા બુદ્ધિ ધારું !**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૧, ગાથા ૧૨-૧૩)

## નિજ સ્વભાવમાં સુખને શોધ, તો પરિભ્રમણના દુઃખ ટળશે

તેના ઉત્તરમાં ગુરુ કહે છે કે—

विपद्भवपदावर्ते पदिकेवातिवाह्यते ।
यावत्तावद्भवन्त्यन्यां प्रचुरा विपदः पुरः ।।१२।।

એક વિપદને ટાળતાં, અન્ય વિપદ બહુ આય,
પદિકા જ્યમ ઘટિયંત્રમાં, એક જાય બહુ આય. ૧૨.

હે વત્સ ! પાણીમાં ચાલતા રેંટની માફક સંસારમાં એક આપદા જાય ત્યાં બીજી આપદા આવે છે. જેમ કે સ્ત્રી મેળવવા જાય ત્યાં લક્ષ્મી ચાલી જાય. લક્ષ્મી મળે ત્યાં છોકરો જાય ને છોકરો બીજો મળે ત્યાં શરીરમાં ક્ષય લાગુ પડી જાય. આ તો બહારની અપેક્ષાથી વાત છે. આમ સંસારમાં પરિભ્રમણના કાળમાં એક પછી એક વિપત્તિઓ આવીને ઊભી રહે છે. આ આત્મામાં સુખ છે તે ભૂલીને બહારમાં પૈસા વગેરેમાં સુખ માને છે તે તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે.

આચાર્ય તો અહીં કહે છે કે પુણ્ય-પાપ વિનાની ચીજ જે આત્મા તેનું જ્યાં સુધી ભાન ને ઓળખાણ નહિ કર, ત્યાં સુધી તારાં દુઃખ મટશે નહિ. બહારમાં એક પછી એક વિપત્તિ ચાલ્યા જ કરે છે. તેમાં સુખ ક્યાંય છે નહિ. તેથી સંસાર શબ્દે જેનાથી પુણ્ય-પાપ ફળે તેવા શુભાશુભભાવ તેનો નાશ કરે છૂટકો છે. જ્યાં સુધી પુણ્ય-પાપ કરશે ત્યાં સુધી તેના ફળ અનુકૂળ-પ્રતિકૂળ મળશે અને પરિભ્રમણ કર્યા કરશે. વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ કહે છે કે આ આત્મા પુણ્ય-પાપના ફળ રહિત, બંધ રહિત, ને પુણ્ય-પાપના ભાવ રહિત છે ને તેનું ભાન કર્યે સંસારનો નાશ થાય છે. તે સિવાય દુઃખના નાશનો બીજો કોઈ ઉપાય છે નહીં. કોઈને બહારમાં કાંઈ ન હોય તોપણ પુણ્ય-પાપને પોતાના માનનારો આકુળતા, દુઃખ ને મિથ્યાત્વને જ સેવે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' તેવું આત્માનું સ્વરૂપ છે, તે અંદર આનંદથી ભરેલો જ છે, સાક્ષાત્ પરમેશ્વર સ્વરૂપ જ છે તો તે અંદર પડેલી શક્તિનો વિકાસ કરતાં પરમાત્મા થાય છે પણ બહારથી પરમાત્મા થતો નથી.

**ભાખે ના શું શિશુય જલધિ કેરી વિસ્તિર્ણતાને,**
**હ્યાં વિસ્તારી સ્વભુજયુગને નિજ બુદ્ધિ પ્રમાણે ! ૫.**

રૂની પૂણીના દોરાની જેમ વિકલ્પની લાળ એક પછી એક હાલ્યા જ કરે છે. આ કરું; આ કરું, વિકલ્પ, વિકલ્પ પુણ્ય-પાપના વિકલ્પ-રાગ-દ્વેષના વિકલ્પ તેની ઝાળ તો સળગ્યા જ કરે છે ને તે દુઃખ છે. અહા ! પ્રતિકૂળ સંયોગ, નિર્ધનતા, રોગ તે દુઃખ નથી. પરંતુ તે મને થયું તેવી માન્યતા તેને દુઃખરૂપ થાય છે. જે રોગ થયો છે તે સુખ પણ નથી અને દુઃખ પણ નથી પરંતુ નવ તત્ત્વમાં તે અજીવતત્ત્વ છે, પુદ્‌ગલની દશા છે, તો પછી તેમાં આત્માને દુઃખ ક્યાંથી થયું ? પણ મૂઢ માને છે કે મને રોગ ને આને નીરોગતા તેમ ભાગલા પાડીને મિથ્યાત્વભાવથી દુઃખી થઈ રહ્યો છે, બહારની ચીજમાં સુખ-દુઃખ કલ્પે છે તેને વીતરાગદેવ મિથ્યાત્વભાવ કહે છે. સુખ નથી તેમાં સુખ માનવું તેને વિપરીત દૃષ્ટિ કહે છે. પછી ભલે ગમે તે દયા-દાન-વ્રતાદિ કરતો હોય પણ મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આનંદ સ્વરૂપ છે તેની અનુભવદૃષ્ટિ કરીને, શુભાશુભભાવ જે સંસાર છે તેનો નાશ કરે છૂટકો છે તે સિવાય સુખ ત્રણકાળમાં નથી.

પાપ-પુણ્યનું ચક્ર અનાદિથી ચાલ્યું આવે છે. જે કલ્પનાથી ઈન્દ્રાણી વિગેરેમાં સુખ માને છે તે કલ્પના જ તેનું દુઃખ છે. સુધર્મ દેવલોક-બત્રીસ લાખ વિમાનનો લાડો શક્રેન્દ્ર જેને ક્રોડો ઈન્દ્રાણી અને બે સાગરનું આયુષ્ય છે એને ઈન્દ્રિય વિષયમાં લક્ષ જાય છે તે આકુળતા ને દુઃખ છે. અરે જેમ ઘરના ભર્યા ભાણાં મૂકીને પરમાં ચાટવા જાય છે તેમ પરમાત્મા કહે છે કે તારા ભર્યા ભાણા અંદરમાં છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો તું છો. શાંતિનો સાગર તું છો, પણ તેં અંદર નજરું કરી નથી તેથી અંદરમાં ભર્યા ભગવાનને તું ભાળતો નથી અને જેમાં પુણ્ય-પાપ કે જેમાં સુખની ગંધ પણ નથી ત્યાં મૂઢ મિથ્યાદૃષ્ટિપણે સુખ માને છે તે માન્યતા સંસારનું કારણ હોવાથી તે માન્યતા નાશ કરવાલાયક છે. સંસાર એટલે આત્મામાં સુખ-આનંદ છે તેમાંથી ખસીને મિથ્યાત્વભાવ કર્યા તેનું નામ ભગવાન સંસાર કહે છે. અનંત સર્વજ્ઞો વીતરાગ પરમેશ્વર થઈ ગયા ને વર્તમાન મહાવિદેહમાં બિરાજે છે, તે ભગવાનના મુખેથી આવે છે કે ભાઈ ! તારા આનંદ-સુખને ભૂલીને બહારમાં ક્યાં રખડે છે ? બાયડી-છોકરા તારો સંસાર નથી, તારો સંસાર તારા સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપના ભાવમાં ભ્રમણા કરવી તે તારો સંસાર છે. પરમાં ઠીક-અઠીકનો મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષનો ભાવ તેને ભગવાન સંસાર કહે છે. આ તો વીતરાગ પરમેશ્વરનો માર્ગ છે કે જેને ઈન્દ્રો-ગણધરો કબૂલે છે. આ કાંઈ હાલી-દુવાલીનો માર્ગ નથી. શુદ્ધ સ્વરૂપ અનાકુળ આનંદ સ્વરૂપ ભગવાન આત્મામાં અંતર

**યોગીઓને પણ તુજ ગુણો ગમ્ય જે હોય નાંહિ,**
**તે કહેવામાં ક્યમ પ્રસર રે ! માહરો થાય આંહી !**

એકાકાર થઈને આનંદનો અનુભવ કરવો તેનું નામ ભગવાન સમ્યગ્દર્શન-ધર્મ કહે છે. તે ધર્મ પ્રગટ્યા વિના મિથ્યાત્વ-સંસારનો નાશ થતો નથી. આત્માના ભાન વિના કાંઈક પુણ્ય કર્યા હોય ને સ્વર્ગનો દેવ થાય તે મરીને એકેન્દ્રિયમાં જાય.... આત્મજ્ઞાન વિનાના, ભાન વિનાના, પુણ્ય કરીને સ્વર્ગમાં ગયા તેની વાત છે. છ મહિના અગાઉ, આ પુણ્યની પુર્ણાહૂતિ પહેલાં, માળા કરમાતી જોઈને અવધિજ્ઞાનથી જોવે છે કે મનુષ્ય કે ઢોર થઈશ. હાય ! હાય ! નવ મહિના માતાના ગર્ભમાં ! આ સ્વર્ગની સાહ્યબી મૂકીને ઊંધે માથે લટકવું પડશે ! આ કરતાં તો એકેન્દ્રિયમાં સારું અને પછી ફૂલ-પૃથ્વીકાય આદિમાં ઊપજે છે. અહીં ચક્રવર્તીનું રાજ્ય હોય ને સોળ હજાર દેવ સેવા કરતા હોય, ખમ્મા-ખમ્મા અન્નદાતા- થતું હોય એવા બ્રહ્મદત્ત ચક્રવર્તી બીજી ક્ષણે મરીને સાતમી નરકે જાય ! આ સંસારનું સ્વરૂપ આવું છે. આ પડદો પડે ને બીજો આવે. બીજો પડે ને ત્રીજો આવે. ત્યાં ક્યાંય ધૂળમાંય સુખ નથી.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે બધા સંસારી કાંઈ દુઃખી હોતા નથી, ઘણાય એવા જોવામાં આવે છે કે જેને જિંદગી આખીમાં આપદા આવતી નથી.

दुरर्ज्येनासुरक्ष्येण नश्वरेण धनादिना ।
स्वस्थंमन्यो जनः कोऽपि ज्वरवानिव सर्पिषा ।।१३।।

જ્વર-પીડિત જ્યમ ઘી વડે, માને નિજને ચેન,
કષ્ટ-સાધ્ય ધન આદિથી, માને મૂઢ સુખ તેમ. ૧૩


ઉત્તર :—જેમ કોઈને તાવ આવ્યો હોય ને તે ઘી ખાઈને પોતાને સુખી કે ઠીક માને તોપણ તે થોડીવારમાં મરણને પ્રાપ્ત થાય છે. તેમ મુશ્કેલીથી પૈસા આદિ ઉત્પન્ન કરે, પણ પાછું તેને રાખવું કઠણ, મેળવવું કઠણ ને સાચવવું પણ કઠણ, છતાં પોતાને સુખી માને છે. પણ આનો ખટકો લાગતો નથી. કેમકે તેણે આત્મા આનંદ સ્વરૂપ છે તેનું કોઈ દિ' લક્ષ કર્યું નથી. તો કોની સાથે દુઃખને મેળવે ? જેમ એક અનાજ-બાજરા સાથે મેળવે કે દાણો નાનો કે મોટો છે, પણ બીજો બાજરો નજરે જ ન પડ્યો હોય તો કોની સાથે મેળવે ? પૈસા આદિ મુશ્કેલીથી, કદાચિત્ પૂર્વના પુણ્ય હોય તો, પેદા કર્યા ને પાછી રક્ષા કરવી મુશ્કેલ, પુણ્ય હોય તો રહે, નહીંતર ચાલ્યા જાય. સંસારના સુખ તો સંધ્યાની રાતડ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

**તેથી આ તો થઈ વગર વિચારી પ્રવૃત્તિ આહા !**
**વા જલ્પે જે ખગગણ ખરે ! નિજ કેરી ગિરામાં. ૬.**




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(ગાથા-૧)

## શ્રીગુરુ જીવોને સુખકર ઉપદેશ આપે છે

**जे त्रिभुवनमें जीव अनन्त, सुख चाहे दुःखतैं भयवन्त।**
**तातै दुखहारी सुखकार, कहैं सीख गुरु करुणा धार ॥१॥**

જુઓને, સુખને માટે જગતના જીવો કેવા વલખાં મારે છે! જાણે રૂપિયામાંથી સુખ લઈ લઉં! જાણે રૂપાળા શરીરમાંથી કે બંગલામાંથી સુખ લઈ લઉં! એમ બહારમાં વલખાં મારે છે. અરે, ઘરબાર છોડીને, શરીરને પણ છોડીને (—આપઘાત કરીનેય) સુખી થવા ને




દુઃખથી છૂટવા માંગે છે. ભલે એના એ ઉપાયો સાચા નથી, પણ એટલું તો નક્કી થાય છે કે જીવો સુખને ચાહે છે ને દુઃખથી છૂટવા માંગે છે. તેથી કહ્યું કે—

'जे त्रिभुवनमें जीव अनन्त, सुख चाहे दुःखतैं भयवन्त।'

સુખને કોણ ન ઇચ્છે! સુખને ન ઇચ્છે તે કાં સિદ્ધ—વીતરાગ, કાં નાસ્તિક અને કાં જડ! એકેન્દ્રિયાદિ જીવોને ભલે મન કે વિચારશક્તિ નથી, છતાં અવ્યક્તપણે પણ તેઓ સુખને જ ઇચ્છે છે. એ પ્રમાણે જગતના અનંતા જીવોને સુખની જ ચાહના છે, ને દુઃખનો ત્રાસ છે. સુખને ચાહતા હોવા છતાં, સાચું સુખ કોને કહેવાય ને તે સુખ કેવા ઉપાયથી પ્રગટે તે જાણતા નથી. તેથી અહીં શ્રીગુરુ તેનો ઉપદેશ આપે છે. ગુરુ એટલે રત્નત્રયગુણધારી દિગંબર આચાર્ય સન્ત તે અહીં મુખ્ય છે. જ્ઞાન—દર્શન—ચારિત્રરૂપી ગુણમાં જે મોટા છે એવા ગુરુઓએ વીતરાગવિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને જગતના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. પોતાને તેવો રાગ બાકી હતો ને જગતના જીવોનાં ભાગ્ય હતા. તેથી કુંદકુંદાદિ ગુરુઓએ જગતને મોક્ષમાર્ગનો પરમ હિતકર ઉપદેશ દીધો છે. કુંદકુંદસ્વામી પોતે કહે છે કે અમારા ગુરુઓએ અનુગ્રહપૂર્વક અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો...તે અનુસાર

**દૂરે તારૂં સ્તવ જિન! અચિંત્ય પ્રભાવી રહોને!**
**રક્ષે નામે પણ તમપણું જન્મથી ભુવનોને;**

હું આ સમયસારમાં શુદ્ધાત્મા દેખાડું છું; તેને હે ભવ્યજીવો! તમે સ્વાનુભવથી જાણો.

શ્રીમદ્ રાજચંદ્રજી પણ આત્મસિદ્ધિમાં કહે છે કે—

કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શૂષ્કજ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.

અરે, બાહ્યક્રિયામાં ને બહારના લૂખા જાણપણામાં જીવો ધર્મ એટલે કે મોક્ષમાર્ગ માની રહ્યા છે, તે જોઈને જ્ઞાનીને કરુણા ઊપજે છે; તેથી તેમણે જગતને સાચો મોક્ષમાર્ગ સમજાવ્યો છે. દુઃખ કેમ છે?—કે 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' ભાઈ! તારા આત્માનું સ્વરૂપ ન સમજવાથી તું અનંતદુઃખ પામ્યો...તે સ્વરૂપ શ્રીગુરુ તને સમજાવે છે...તે સમજ તો તારું દુઃખ મટશે ને તને પરમ આનંદ થશે. (સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુભગવંત.)

વાહ! વીતરાગમાર્ગી સન્તોએ પોતે મોક્ષને સાધતાં—સાધતાં જગતના જીવોને પણ હિતનો ઉપદેશ આપ્યો છે : અરે પ્રાણીઓ! તમારા હિત માટે આત્માનું સ્વરૂપ સમજો. પં. દૌલતરામજી કહે છે કે એ પ્રમાણે શ્રીગુરુઓએ આત્માના ભલા માટે જે હિતોપદેશ આપ્યો તે જ હું આ છ—ઢાળામાં કહીશ. ભલે આ શાસ્ત્ર નાનું છે, પણ તેમાં ઉપદેશ તો જે મુનિઓએ આપ્યો છે તે—અનુસાર જ હું કહીશ; એથી વિપરીત નહીં કહું.

જે જીવ ગરજૂ થઈને આવ્યો છે, પોતાના હિત માટે ધર્મનો જિજ્ઞાસુ થઈને આવ્યો છે એવા જીવને માટે આ વાત છે. જેને પોતાના હિતની કાંઈ દરકાર જ ન હોય—એવા જીવનું તો શું કહેવું? પં. ટોડરમલજી મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહે છે કે જે ધર્મના લોભી હોય, ધર્મ સમજવાના ગરજવાન હોય એવા જીવોને આચાર્ય ધર્મોપદેશ આપે છે. આચાર્ય મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિષે જ નિમગ્ન છે, પરંતુ કદાચિત્ ધર્મલોભી વગેરે અન્ય જીવોને દેખી રાગના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો તેમને ધર્મોપદેશ આપે છે. અહા, એ સંતોનું મુખ્ય કામ તો સ્વરૂપમાં લીન થઈને પરમાનંદને સાધવાનું છે, પણ ક્યારેક વિકલ્પ ઊઠતાં ધર્મોપદેશ આપે છે.

અરે, આવા ઉપદેશદાતા ગુરુનો જોગ મળવા છતાં પણ જે જીવ તે ઉપદેશ ન સાંભળે એને તો આત્માની દરકાર જ નથી, સંસારના દુઃખનો એને હજી થાક નથી લાગ્યો. અહીં તો સંસારથી થાકીને આત્માની શાંતિ લેવા ચાહતો હોય એવા જિજ્ઞાસુ જીવોને માટે આ વાત છે.

**વાયુ રૂડો કમલસરનો સુરસીલો વહે જે,**
**તીવ્રોત્તાપે હત પથિકને ગ્રીષ્મમાં રીઝવે તે. ૭.**

દેહથી ભિન્ન આત્માને જાણનારા, ને રાગથી ભિન્ન આનંદને અનુભવનારા એવા વીતરાગી મુનિ, જેઓ રત્નત્રયના ધારક છે ને મોક્ષના સાધક છે, ત્રણ કષાય ચોકડીનો જેમને અભાવ છે, પ્રચૂર વીતરાગી સ્વસંવેદન જેમને વર્તે છે, એવા ગુરુ કરુણા કરીને ૮૪ લાખ યોનિના દુઃખી જીવોને માટે હિતની શિક્ષા એટલે કે શિખામણ—ઉપદેશ આપે છે.—કેવો ઉપદેશ આપે છે? કે દુઃખનો નાશ કરનાર અને સુખની પ્રાપ્તિ કરાવનાર.

જુઓ, આમાં દુઃખનો એટલે વિકારનો વ્યય, ને આનંદની ઉત્પત્તિ—એવા ઉત્પાદ—વ્યય આવી ગયા, ને દુઃખથી છૂટીને તે જ આત્મા સુખપર્યાયમાં કાયમ ટકી રહે છે એવી વાત પણ આવી ગઈ. ઉત્પાદ—વ્યય—ધ્રુવરૂપ વસ્તુ વિના દુઃખથી છૂટવાનું ને સુખી થવાનું બની શકે નહિ. અહો, વીતરાગમાર્ગ અલૌકિક છે. સન્તોને સ્વસંવેદનરૂપી વીતરાગવિજ્ઞાન ભલે અધૂરું છે પણ તે કેવળજ્ઞાનની જાતિનું છે, અધૂરું છતાં રાગ વગરનું છે. આવા વીતરાગી સન્તોએ જગતને વીતરાગતાની શિખામણ આપી છે. કેવળજ્ઞાનને સાધનારા સન્તોએ જે વીતરાગવિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે તે જ આ છ-ઢાળામાં સંક્ષેપથી કહેવાશે. એટલે આ શાસ્ત્ર ભલે નાનું, પણ પ્રમાણભૂત છે. આ તો પાઠશાળાના વિદ્યાર્થીઓને તેમજ ઘરેઘરે શીખવવા જેવું પુસ્તક છે. તદ્દન સાદી શૈલિમાં ઘણું તત્ત્વ સમજાવ્યું છે.

આ શાસ્ત્રમાં અને સર્વે વીતરાગીશાસ્ત્રોમાં આત્માને સુખ દેનાર ને દુઃખથી છોડાવનાર એવો ઉપદેશ આપ્યો છે. સન્તોનો ઉપદેશ, સન્તોની શિખામણ એ છે કે જેનાથી વિકારનો —દુઃખનો નાશ થાય ને સુખની પ્રાપ્તિ થાય. વિકાર તે દુઃખ છે, તેના નાશનો ઉપદેશ, એટલે નિર્વિકારદશા પ્રગટ કરવાનો ઉપદેશ છે. રાગના નાશનો ઉપદેશ છે ને વીતરાગભાવ પ્રગટાવવાનો ઉપદેશ છે. આવો ઉપદેશ તે ઈષ્ટોપદેશ છે. ઈષ્ટ—ઉપદેશ એટલે હિતનો ઉપદેશ, પ્રિય ઉપદેશ. તે ઉપદેશની સમજણનું ફળ એ છે કે ભેદવિજ્ઞાન થઈને દુઃખનો નાશ થાય ને સુખનો અનુભવ પ્રગટે.—જીવને એ જ ઈષ્ટ છે, એ જ પ્રયોજન છે, એ જ સાર છે. આનો અર્થ એ થયો કે પ્રથમ મંગળરૂપે જે વીતરાગવિજ્ઞાનને વંદન કર્યા તે વીતરાગવિજ્ઞાન ઉત્પન્ન થવાનો ઉપદેશ જૈનધર્મના ચારે અનુયોગમાં આપ્યો છે, ચારે અનુયોગ વીતરાગવિજ્ઞાનના જ પોષક છે. અને આ પુસ્તકમાં પણ તેનો જ ઉપદેશ કરશે; તેને હે ભવ્યો! તમે પ્રીતિપૂર્વક સાંભળો.—શા માટે? કે પોતાના હિતને માટે.

(ક્રમશઃ) ❊

**પ્રાણીઓના નિબિડ પણ તે કર્મબંધો અહા ! હ્યાં,**
**વિભુ થાયે શિથિલ ક્ષણમાં વર્તતા તું હૃદામાં;**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

જીવ વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય. વિકારરૂપી કાર્યમાં ચેતના પ્રવર્તે તે અધર્મ છે ને ચેતના જીવમાં પ્રવર્તે તે ધર્મ છે. જ્ઞાનચેતના, કર્મચેતના ને કર્મફળચેતના જીવમાં હોય છે. પુણ્ય-પાપના ભાવ કર્મચેતના છે, ને હરખ-શોકના ભાવ કર્મફળચેતના છે. અને ચેતના એકાકારરૂપે ચેતે તે જ્ઞાનચેતના છે. તે ત્રણે પોતાની પર્યાયમાં થાય છે. જીવની ચેતના વિકારરૂપે પરિણમે છે, જડને લીધે નહિ. ચેતનાને સ્વભાવમાં વાળે તે ધર્મ છે ને વિકારમાં વાળે તે અધર્મ છે. સ્વસત્તામાં પરની સત્તા નથી ને પરની સત્તામાં સ્વસત્તા નથી. ચેતના જીવ વિના નથી. પુણ્ય-પાપ જીવની પર્યાયમાં છે પણ તે અશુદ્ધ જીવનું સ્વરૂપ છે. જ્ઞાનચેતના શુદ્ધ જીવનું સ્વરૂપ છે ગુણ-ગુણીની એકતા કરી સ્વભાવ તરફ વળવું તે ધર્મ છે.

વિકાર તરફ પ્રવર્તતો તે અધર્મ હતો. હવે મેં શુદ્ધ ચેતનાનું સ્વરૂપ જાણ્યું. જ્ઞાતાદ્રષ્ટાપણું તે ત્રિકાળ ધર્મ છે. આમ સ્વભાવ તરફ વળે તેને કેવા ભાવ થાય છે તે કહે છે. અત્યાર સુધી દયા-દાન આદિમાં તથા હરખ-શોકમાં પ્રવર્તતો હતો, હવે પોતા તરફ વળે છે, પર્યાયબુદ્ધિ ટળતાં અને સ્વભાવબુદ્ધિ થતાં એમ માને છે કે મેં શુદ્ધ ચેતનાનું સ્વરૂપ જાણ્યું. હું જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ છું. હું વિકારરૂપ નથી. પર્યાયમાં વિકાર છે તે ત્રિકાળી સ્વભાવમાં નથી. તેથી હું વિકારરહિત સિદ્ધસમાન છું.

**चेतनरूप अनूप अमूरत, सिद्ध समान सदा पद मेरौ।**
**मोह महातम आतम अंग, कियौ परसंग महातम घेरौ॥**
**ग्यानकला उपजी अब मोहि, कहौं गुन नाटक आगमकेरौ।**
**जासु प्रसाद सधै शिवमारग, वेगि मिटै भववास बसेरौ॥**

(-નાટક સમયસાર)

અહીં દ્રવ્યની વાત કહે છે. પર્યાયમાં ફેર છે તેને જ્ઞાન જાણે છે. સિદ્ધના જેવા ગુણો તેવા મારા ગુણો છે એમ જ્ઞાની જાણે છે.

**રે! શિખંડી સુખડવનની મધ્યમાં આવી જાતાં,**
**જેવી રીતે ભુજગમય તે શીઘ્ર શિથિલ થાતાં. ૮.**

કર્મથી બંધાવું કે છૂટવું તે મારું સ્વરૂપ નથી ચિદ્‌ઘન જ્ઞાયકસ્વરૂપને બંધ કે મુક્તિ નથી. બંધ-મુક્તિ પર્યાયમાં છે, સ્વભાવમાં નથી. શુદ્ધ ચેતનાસ્વરૂપ બંધાયું નથી તો પછી મોક્ષ કોનો? હું આસ્રવરૂપ નથી, સંવર-નિર્જરારૂપ નથી, ને બધા પર્યાયના ભેદો એક સમયપૂરતા છે. પુણ્ય-પાપના વિકારને મારા માન્યા હતા પણ હવે હું જાગ્યો. તે ઉત્પાદની વાત કરી ને રાગ-દ્વેષ જેટલો જ આત્મા માનેલ તે નિદ્રા હતી, તેનો વ્યય થયો. હું મારા સ્વરૂપને એકને જ અનુભવું છું. તે જ ધર્મ છે. આ ધાર્મિક ક્રિયા છે.

સમ્યગ્જ્ઞાની વિચારે છે કે સંસાર એક સમયનો છે પણ સ્વભાવમાં તે નથી. સ્વભાવની રુચિ કરવી તે ધર્મ છે. અજ્ઞાની જીવો બહારના પદાર્થોને છોડવાનું કહે છે. પર પદાર્થના ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી. શુદ્ધ ચિદાનંદ છું—એવું ભાન થવું તે નિશ્ચય છે, તેવા જીવને શુભરાગ હોય તે વ્યવહાર છે.

ગ્રંથકર્તા શ્રી દીપચંદજી મુનિઓની વાણી અનુસાર કહે છે કે—હું પુણ્ય-પાપની વૃત્તિ ઉપર આરૂઢ હતો તે મિથ્યાદર્શન હતું; હવે શુદ્ધ સ્વભાવમાં આરૂઢ થયો તે ધર્મ છે. સ્વરૂપગૃહમાં એટલે જ્ઞાનાનંદ શુદ્ધ ચેતનારૂપી ઘરમાં વસવું તે વાસ્તુ છે ધર્મી જીવની દૃષ્ટિ શુદ્ધ ચેતનાના સ્વભાવ ઉપર છે. પુણ્ય-પાપના પરિણામનો દેખનારો છું.—તમાશીગર છું, હું જ્ઞાતા છું, પર્યાયમાં થતા પુણ્ય-પાપનો પણ જાણનાર છું, શરીરાદિ પરની ક્રિયાનો જાણનાર છું. હું હવે મારા પોતાના જ્ઞાન-દર્શન સ્વરૂપને જાણું-દેખું છું, એવા વિચાર પણ વિકલ્પ છે. તે વિકલ્પ તૂટીને સ્વભાવમાં લીનતા થતાં જ્ઞાનનો પ્રત્યક્ષ રસ વેદવો તે અનુભવ છે. રાગ છે તે જ્ઞાનનો અનુભવ નથી પણ વિકારનો છે. પ્રથમ આવો આત્મા શુદ્ધ જ્ઞાયક છે એવો વિચાર પ્રતીતિરૂપ સાધક છે, તે નિમિત્ત છે. તે નિમિત્ત ક્યારે કહેવાય? સ્વભાવનો અનુભવ કરે તો તેને નિમિત્ત કહેવાય. સ્વભાવના વિચારની પ્રતીતિ તે સાધક છે ને અનુભવ સાધ્ય છે. વિકલ્પથી અનુભવ થયો—એમ કહેવું તે વ્યવહાર છે, નિશ્ચય પોતામાં પ્રગટ કરે તો વિકલ્પને સાધક કહેવાય.

આમ સાધક-સાધ્ય ભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય.

આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપની અંતરંગ પ્રતીતિ અને રમણતાને અનુભવપ્રકાશ કહે છે. ગુણોનો પિંડ જ્ઞાયક આત્મા છે. તેવા વિચારની પ્રતીતિ નિમિત્ત છે ને આત્માનો અનુભવ તે સાધ્ય અથવા ધ્યેય છે. પુણ્ય-પાપ હું નથી, હું અખંડ જ્ઞાયક છું—એવો વિચાર સાધક છે તે વિચારને છોડીને આનંદને અનુભવવો તે ધ્યેય છે. સાધક-સાધ્ય

**મૂકાયે છે મનુજ સહસા રૌદ્ર ઉપદ્રવોથી,**
**અત્રે સ્વામી! જિનપતિ! તને માત્ર નિરીક્ષવાથી;**

ભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય.

સાધ્ય-સાધકના ઉદાહરણ આપે છે. અનુભવનું ધ્યેય તો દ્રવ્ય છે પણ અહીં પર્યાયમાં સાધ્ય ઉતારે છે. અનુભવ ધ્યેય છે ને વિચાર સાધક છે. જીવ અનુભવ કરે તો વિચાર, પ્રતીતિને સાધન કહેવાય છે. આ અનુભવપ્રકાશ ગ્રંથ છે, તેથી અનુભવનું સાધન કહે છે. 'હું અખંડાનંદ છું,' એવા વિચારને સાધન કહે છે ને અનુભવ સાધ્ય છે.

ઉદાહરણ આપે છે—

(૧) જ્યાંસુધી સાધક છે ત્યાંસુધી બાધકપણું રહેલું છે. ત્યાં પુદ્ગલ કર્મનો ઉદય તો કર્મના કારણે છે. કર્મ તેની મર્યાદા પ્રમાણે ઉદયમાં આવે છે. આ કેવળજ્ઞાનીની વાત નથી, પણ સાધક જીવની વાત છે, તેથી આત્માની સાથે એકક્ષેત્રાવગાહપણે રહેલ કર્મનો ઉદય આવે છે ત્યાંસુધી ઉદય તરફના વલણના કારણે ચિત્‌વિકાર હોય છે. આત્મા જ્ઞાયક છે, તેનું ભાન તો છે પણ રાગવાળી દશા છે, તેથી જરા વિકાર થવાની લાયકાત છે ને તેમાં કર્મનું નિમિત્ત છે. ત્યાં સાધક-સાધ્ય એવો ભેદ જાણવો. આત્મા અખંડ વસ્તુ એવી ને એવી છે. તેની પર્યાયમાં સ્વભાવ સન્મુખ અનુભવ થવો તે સાધક છે, પણ તે ભૂમિકામાં રાગ થવાની લાયકાત છે અથવા જ્ઞાન વગેરેની અધૂરાશની લાયકાત છે. બારમા ગુણસ્થાનવાળો જીવ પણ સાધક છે, પણ ત્યાં રાગ નથી, છતાં જ્ઞાન અલ્પ છે. પૂર્ણજ્ઞાન પ્રગટ નથી, તેથી કર્મનું નિમિત્તપણું છે, માટે ચોથાથી બારમા ગુણસ્થાન સુધીની વાત લેવી. જ્ઞાનનું હીણું થવું તે પણ ચિત્‌વિકાર છે. રાગદ્વેષ થવા તે પણ ચિત્‌વિકાર છે. આમ બંનેને ચિત્‌વિકારમાં લઈ લેવા. નિર્વિકલ્પ આત્માનો અનુભવ સાધ્ય છે. ત્યારે પ્રતીતિ, વિચાર સાધક છે. સાધકદશામાં કર્મનો ઉદય સહજ હોય છે. બધાં કર્મો લઈ લેવાં. પૂર્ણદશા થઈ નથી ત્યાં સુધી સાધ્ય-સાધકના ભેદ છે. હું અખંડાનંદ છું એવા વિકલ્પનો વ્યય થઈ અનુભવ થયો તેમાં અનુભવની ઉત્પાદ પર્યાયને સાધ્ય કહેલ છે ને વ્યયપર્યાયને સાધક કહેલ છે. આત્મા એક સમયમાં પૂર્ણાનંદ સામર્થ્યસ્વરૂપ છે, તેની અવસ્થા સ્વભાવસન્મુખ થઈને ધર્મદશા થાય છે તે અનુભવને સાધ્ય કહેલ છે; અને આત્મા પૂર્ણાનંદ છે, શુદ્ધ ચેતનાસ્વરૂપ છે એવા વિચારને સાધક કહેલ છે.

આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અંશોની વાત ચાલે છે. આત્મા અનંત ગુણોનો પિંડ છે. એવી પ્રતીતિ ને લીનતા કરે છે. ત્યારે વિચાર પ્રતીતિને સાધન કહેવાય છે. કોઈ વિકલ્પ તેનું સાધન થતું નથી. (ક્રમશઃ)

**ગોસ્વામીને સ્ફુરિત પ્રભને માત્ર અત્રે દીઠાથી,**
**જેવી રીતે ઝટ પશુગણો ભાગતા ચોરટાથી. ૯.**

# જ્ઞાનનો વિશ્વાસ

**(મુંઝવણથી છૂટવા શું કરવું ?—જ્ઞાનનો વિશ્વાસ)**

એક ભાઈ પ્રતિકૂળતાથી મુંઝાઈને કહે કે સાહેબ, આ પ્રતિકૂળતા આવી તેનાથી મુંઝવણ થાય છે આ મુંઝવણથી છૂટવા શું કરવું ?

ગુરુદેવ કહે : ભાઈ, જ્ઞાનનો વિશ્વાસ રાખવો. જ્ઞાન તો જાણે કે જ્ઞાન તે ખેદ કરે ?

આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેનો વિશ્વાસ કરવો કે હું તો જ્ઞાન છું; જ્ઞાનમાં પ્રતિકૂળતા કેવી ? ને જ્ઞાનમાં ખેદ કેવો ? જ્ઞાનમાં તો જાણપણું હોય, આવા જ્ઞાનનો વિશ્વાસ રાખે તેને પ્રતિકૂળતામાંય મુંઝવણ થાય નહીં; કેમકે પ્રતિકૂળતા જ્ઞાનમાં પ્રવેશતી નથી, એ તો જ્ઞાનથી બહાર જ રહે છે. જ્ઞાનમાં ભવદુઃખને પણ મટાડવાની તાકાત છે. ત્યાં બીજા રોગની શી વાત ?

રોગ આવ્યો, તો શું તે જ્ઞાનમાં પ્રવેશી ગયો છે ?—ના; તે બહાર રહીને જ્ઞાનમાં જણાય છે; માટે પ્રતિકૂળતા જ્ઞાનમાં નથી. આવા જ્ઞાનનો વિશ્વાસ રાખવો; તે જ્ઞાન સ્વયં સમાધાનરૂપ-સુખરૂપ છે.

જ્ઞાનમાં પ્રતિકૂળતા ને દુઃખ નથી.
જ્ઞાનમાં સમાધાન ને શાંતિ છે.
આવા જ્ઞાનની ભાવના તે જ મુંઝવણ
ટાળવાનો માર્ગ છે.



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી વૈરાગ્ય–અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૧) અધ્રુવ અનુપ્રેક્ષા

દેવ-મનુષ્ય-તિર્યંચથી ભરેલો આ લોક પાણીના પરપોટાની માફક ક્ષણમાં વિલય પામી જાય છે; અને સર્વે રિદ્ધિ સ્વપ્ન–દર્શન સમાન ક્ષણભંગુર છે. (ગાથા ૧૭૨૫)

સમસ્ત ઇન્દ્રિય-સુખો વીજળીના ઝબકારા જેવા ચંચળ છે,–દેખતાંવેત નષ્ટ થઈ જાય છે; અને સર્વે સ્થાનો (નગર વગેરે) પાણીના પરપોટા જેવા અધ્રુવ છે. (૧૭૨૬)

જેમ નાવમાં ભેગા થયેલા લોકો કિનારે આવીને પોતપોતાના જુદા જુદા માર્ગે ચાલ્યા જાય છે, તેમ ભેગા થયેલા સર્વ સંબંધીજનો કાળ પૂરો થતા ભિન્ન-ભિન્ન પોતપોતાની ગતિમાં ચાલ્યા જાય છે. વળી માતા-પિતા વગેરે સર્વે આશ્રયો પણ વાદળાના સમૂહ જેવા અનિત્ય છે. (૧૭૨૭)

ઝાડની છાયામાં એકઠા થયેલા મુસાફરોની માફક બંધુજનોનો સહવાસ અનિત્ય છે; અને સર્વે જીવોની પરસ્પર પ્રીતિ પણ આંખના રંગની જેમ અનિત્ય છે. (૧૭૨૮)

જેમ પંખીઓ પૂર્વસંકેત વગર રાતે એક ઝાડ પર એકઠા થઈને રહે છે ને સવાર પડતાં પોતપોતાના સ્થાને ઊડી જાય છે, તેમ કુટુંબમેળાનો સંયોગ જાણવો; અને ઐશ્વર્ય-આજ્ઞા-ધન-આરોગ્ય તે બધું ચંદ્રના કુંડાળાની માફક અનિત્ય છે. (૧૭૨૯)

જીવોને ઇન્દ્રિયસામગ્રી પણ ખીલેલી સાંજની સંધ્યા જેવી અનિત્ય છે; અને લોકમાં મનુષ્યોનું જોબન મધ્યાહ્ન જેવું અસ્થિર છે. (૧૭૩૦)

હીન થયેલો ચંદ્ર તો પાછો શુક્લપક્ષમાં વૃદ્ધિ પામે છે, અસ્ત થયેલા નક્ષત્રો ફરી ઉદય પામે છે, વીતી ગયેલી ઋતુ ફરીને આવે છે; પરંતુ વીતી ગયેલું યૌવન તો, જેમ નદીના વહી ગયેલા પાણી પાછા નથી આવતા તેમ પાછું આવતું નથી. (૧૭૩૧)




લોકમાં સર્વે જીવોનું આયુષ્ય, પર્વત પરથી પડતી નદીના પ્રવાહની જેમ ઝડપથી વહ્યું જાય છે; અને સવારના પડછાયાની માફક લોકોના દેહની સુકુમારતા પણ ક્ષણવારમાં સંકોચાઈ જાય છે. (૧૭૩૨)

જેમ લોકમાં ઝાડની અસ્થિર છાયા સાંજે એકદમ વધવા માંડે છે તેમ જીવોની જરા—અવસ્થા ક્ષણેક્ષણે વધતી જાય છે, અને સુંદરરૂપ પણ પાણીમાં લખેલા અક્ષરની જેમ શીઘ્ર નાશ પામી જાય છે. (૧૭૩૩)

સર્વે જીવોને શરીરનું તેજ ઈન્દ્રધનુષ્યના સપ્તરંગી પ્રકાશની જેમ ક્ષણભંગુર છે; અને જીવોની બુદ્ધિ પણ વીજળીની જેમ ઝબકીને નષ્ટ થઈ જાય છે. (૧૭૩૪)

જેમ રસ્તા વચ્ચે ધૂળની બનાવેલી પુરુષ આકૃતિ શીઘ્ર વીંખાઈ જાય છે, તેમ શરીરનું બળ શીઘ્ર અત્યંત ક્ષીણ થઈ જાય છે; તેમજ જીવોનું વીર્યબળ પણ તરંગની જેમ અધ્રુવ છે. (૧૭૩૫)

ઘર, શયન, આસન, વાસણ, આભરણ વગેરે પણ ઝાકળબિંદુની જેમ અધ્રુવ છે; અને સંધ્યા સમયની આકાશની લાલિમાની માફક યશકીર્તિ પણ અધ્રુવ છે. (૧૭૩૬)

અરેરે, માથે મરણનો ભય ઊભો હોવા છતાં, કર્મને વશ પડેલા દુઃખી જીવો, આ જગતને શરદઋતુના વાદળાની સમાન અનિત્ય કેમ નથી સમજતા? (૧૭૩૭)

(ઈતિ અધ્રુવ ભાવના)

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચન)

છે. ઘડીમાં કાળુધબ ! ઘડીકમાં નષ્ટ થઈ જાય છે, આમાં ત્રણ વાત છે (૧) ધન આદિ મુશ્કેલીથી પ્રાપ્ત થાય. (૨) રાખવા ખૂબ કઠણ છે. (૩) પુણ્યનો ઉદય ચાલી જતા બધું ફૂ થઈ જાય છે !

અહા ! અજ્ઞાનીને આત્મામાં આનંદ છે તેની શ્રદ્ધાની ખબર ન મળે. આત્માની શાંતિનો સ્વભાવ તો આત્મામાં છે પણ તેની શ્રદ્ધા કે તેનો વિશ્વાસ નથી અને બહારની ચીજોનો વિશ્વાસ છે. બહારમાં સુખના સાધન માને છે. પણ તું પોતે સુખી છે કે નહીં ? તો કહે ના, હું સુખી નથી. તો તેને કહે છે મૂઢ ! સુખ તો તારામાં છે પણ તને ખબર નથી. આત્માનો આનંદ સ્વભાવ અંતરમાં છે પણ બહારની ચીજોમાં-દુઃખના નિમિત્તોમાં કલ્પનાથી સુખ માને છે ને ભ્રમણા ઊભી કરી છે તથા તે ભ્રમણા જ ભવનું કારણ છે. જ્યારે આત્માના સમ્યક્ જ્ઞાન ને શ્રદ્ધા કરીને તેમાં ઠરવું તે જ સાચું સુખનું કારણ છે.

(ક્રમશઃ) ❊

કેવી રીતે ભવિજન તણો જિન ! તું તારનાર ?<br>
ધારે તેઓ હૃદમહિં તને ઊતરે જેથી પાર;



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—પ્રવચનસારમાં વિકારને શુદ્ધનયથી જીવનો કહેવાનો શું પ્રયોજન છે ?**

ઉત્તર :—વિકાર તે જીવથી પોતાથી થયો છે, પોતાના અપરાધનું કાર્ય છે પણ કર્મથી-પુદ્ગલથી વિકાર થયો નથી તેમ બતાવવા વિકારને શુદ્ધનયથી જીવનો કહ્યો છે.

**પ્રશ્ન :—નયવિવક્ષામાં બારમાં ગુણસ્થાન સુધી અશુદ્ધનિશ્ચયનય હોય છે. ત્યાં અશુદ્ધનિશ્ચય મધ્યે શુદ્ધોપયોગ શી રીતે ઘટે ?**

ઉત્તર :—વસ્તુના એકદેશની પરીક્ષા તે નયનું લક્ષણ છે; અને શુભ, અશુભ તથા શુદ્ધ દ્રવ્યનું અવલંબન તે ઉપયોગનું લક્ષણ છે; તેથી અશુદ્ધ નિશ્ચય મધ્યે પણ શુદ્ધાત્માનું અવલંબન હોવાથી, શુદ્ધ ધ્યેય હોવાથી અને શુદ્ધ સાધક હોવાથી શુદ્ધોપયોગ પરિણામ ઘટે છે. અશુદ્ધનય ભલે બારમાં ગુણસ્થાન સુધી હોય, પણ સાધક જીવને તેના ઉપયોગનું આલંબન ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકભાવ છે, તેનું ધ્યેય શુદ્ધ છે, અને તે શુદ્ધનો સાધક છે તેથી તેને, અશુદ્ધનય હોવા છતાં, પર્યાયમાં શુદ્ધોપયોગ હોય છે.

**પ્રશ્ન :—શબ્દનો પદાર્થની સાથે કોઈ સંબંધ નથી તો તે શબ્દ પદાર્થનો વાચક કઈ રીતે થઈ શકે ?**

ઉત્તર :—'પ્રમાણ અર્થાત્ જ્ઞાનનો જ્ઞેયપદાર્થોની સાથે કોઈ સંબંધ નથી છતાં પણ તે જ્ઞાન પદાર્થોને કઈ રીતે જાણે છે ?' આ વાત પણ ઉપરની શંકા જેવી છે. અર્થાત્ જેવી રીતે જ્ઞાન અને જ્ઞેય પદાર્થોનો કોઈ સંબંધ ન હોવા છતાં પણ જ્ઞાન જ્ઞેય પદાર્થોને જાણી લે છે, તેવી રીતે જ શબ્દનો પદાર્થોની સાથે કાંઈ સંબંધ ન હોવા છતાં પણ શબ્દ પદાર્થોનો વાચક (કહેનાર) હોય–તેમાં શું આપત્તિ છે ?

**પ્રશ્ન :—જ્ઞાન અને જ્ઞેય પદાર્થોને તો જન્ય–જનક લક્ષણવાળો સંબંધ છે.**

ઉત્તર :—એમ નથી, કેમ કે વસ્તુની શક્તિની બીજા પદાર્થો દ્વારા ઉત્પત્તિ માનવામાં વિરોધ આવે છે. અર્થાત્ જે વસ્તુ જેવી છે તે વસ્તુને તેવા જ રૂપે જાણવાની શક્તિને પ્રમાણ કહેવાય છે. એ જાણવાની શક્તિ પદાર્થો દ્વારા ઉત્પન્ન થઈ શકતી નથી. અહીં આ વિષયમાં ઉપયોગી શ્લોક આપવામાં આવે છે–

'स्वतः सर्व प्रमाणानां प्रामाण्यमिति गृह्यताम् ।
न हिं स्वतोऽसती शक्तिः कर्तृमन्येन पार्यते ।।'

અર્થ :—સર્વ પ્રમાણોમાં સ્વતઃપ્રમાણતા સ્વીકાર કરવી જોઈએ (અર્થાત્ દરેક જ્ઞાન પોતાથી જ થાય છે એમ સ્વીકારવું જોઈએ) કેમકે જે શક્તિ પદાર્થોમાં સ્વતઃ વિદ્યમાન ન હોય તે શક્તિ બીજા પદાર્થો દ્વારા કરી શકાતી નથી.

ઉપર આપેલા જયધવલના ભાગમાં વીરસેનાચાર્યદેવે જે શ્લોક આપ્યો છે તેની બીજી લીટી, સમયસારશાસ્ત્રની ગાથા ૧૧૬ થી ૧૨૦ની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવકૃત ટીકામાં આવે છે. ત્યાં તેઓશ્રીએ નીચે મુજબ જણાવ્યું છે—' न हि स्वतोऽसती शक्तिः कर्तृमन्येन पार्यते' એટલે કે વસ્તુમાં જે શક્તિસ્વતઃ (પોતાથી જ) ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ અને 'स्वयं परिणममानं तु न परं परिणमयितारमपेक्षेत; न हि वस्तुशक्तयः परमपेक्षन्तं'' એટલે કે સ્વયં પરિણમતાને તો પર પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. ત્યાર પછી ગાથા ૧૨૧ થી ૧૨૫ની ટીકામાં પણ અક્ષરશઃ એ જ શબ્દો કહ્યા છે.

**પ્રશ્ન :—શુદ્ધનયનો પક્ષ એટલે શું?**

ઉત્તર :—શુદ્ધનયનો પક્ષ એટલે એને શુદ્ધાત્માની રુચિ થઈ છે. અનુભવ હજુ નથી થયો, પણ રુચિ એવી થઈ છે કે તે જીવ અનુભવ કરે જ. પણ એમાં કોઈ બચાવ કરે, ન હોય ને માની લ્યે એમ નહિ પણ કેવળી એ જીવને એમ જાણે છે કે આ જીવની રુચિ એવી છે કે તે અનુભવ કરશે જ. તે જીવને જ્ઞાયકનું જોર વીર્યમાં વર્તે છે.

**પ્રશ્ન :—ક્રિયાનય અને જ્ઞાનનયની મૈત્રી એટલે શું?**

ઉત્તર :—જયચંદ પંડિતે એમ કહ્યું છે કે અશુદ્ધતા ને શુદ્ધતા સાથે હોય તે મૈત્રી, જ્યારે રાજમલ્લજી પંડિતે કળશટીકામાં એમ કહ્યું કે અશુદ્ધતાની નિવૃત્તિ તે મૈત્રી અશુદ્ધ રહે તે મૈત્રી નથી એટલે કે શુદ્ધતા થઈ તે દ્રવ્ય સાથે મૈત્રી નથી.

**પ્રશ્ન :—સમયસાર અને નિયમસાર વગેરેમાં એમ કહે કે ભગવાન શુદ્ધ આત્મામાં કોઈ ઉદયભાવો છે જ નહિ, જ્યારે તત્ત્વાર્થસૂત્રમાં તેને (ઉદયભાવને) આત્માનું સ્વતત્ત્વ કહે છે–તે બંનેની અપેક્ષા સમજાવો?**

ઉત્તર :—સમયસાર આદિમાં દ્રવ્યદૃષ્ટિનું વર્ણન છે. દૃષ્ટિના વિષયમાં પર્યાય ગૌણ થઈ જાય છે અને તત્ત્વાર્થસૂત્ર વગેરેમાં એમ કહે કે ઉદયભાવ આત્માનું સ્વતત્ત્વ છે; ત્યાં પ્રમાણના વિષયનું વર્ણન છે. ઉદયભાવરૂપે પણ આત્મા પોતે પરિણમે છે. આત્માની જ તે પર્યાય છે માટે તેને સ્વતત્ત્વ કહ્યું. તે ઉદયભાવ આત્માના સ્વકાળથી

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન*** **:—સ્વાનુભૂતિનું અંતરંગ સ્વરૂપ કેવું હોય?**

**સમાધાન :**—તે અંતરંગ સ્વરૂપ વાણીમાં (પૂરું) આવતું નથી. વિકલ્પ છૂટીને અંતરમાં આનંદનું વેદન આવે તે પોતે જ અનુભવી શકે છે. અનંતગુણથી ભરેલો આત્મા છે તેમાં તેનો ઉપયોગ સ્વાનુભૂતિ થતાં લીન થઈ જાય છે અને વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પની આકુળતા છૂટીને ઉપયોગ સ્વરૂપમાં જામી જાય એવી સ્વાનુભૂતિ વચનમાં અમુક પ્રકારે આવે છે, બાકી તો જે વેદે તે જાણી શકે છે. તે દશા થતાં આખી દિશા બદલાઈ જાય છે. જે બહારની–વિભાવની દિશા હતી તે પલટાઈને સ્વભાવની દિશામાં, વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ એવી–કોઈ જુદી દુનિયામાં–ચાલ્યો જાય છે. આ વિભાવની દુનિયામાં નહિ, પણ અલૌકિક દુનિયામાં તે ચાલ્યો જાય છે અને સ્વભાવમાં તલ્લીન–એકદમ લીન થઈ જાય છે. સ્વાનુભૂતિમાં જેવો સ્વભાવ છે તેવી જાતની પરિણતિ થઈ જાય છે. તે અનુભૂતિ વેદનમાં આવે છે તેથી જાણી શકાય છે, વેદી શકાય છે પણ કહી શકાય નહિ. આનંદથી–જ્ઞાનથી ભરેલો ચૈતન્ય ચમત્કારી દેવ પોતે બિરાજે છે તેની સ્વાનુભૂતિ થાય છે. જેવો સિદ્ધભગવાનને આનંદ છે તેનો અંશ સ્વાનુભૂતિમાં આવે છે. તે વખતે અનુપમ ગુણનો ભંડાર, અનુપમ આનંદથી ભરેલો આત્મા અનુપમ આનંદનું વેદન કરે છે. વિભાવદશામાં આનંદ નથી કેમકે તેમાં જ્ઞાન આકુળતાવાળું છે. જ્યારે સ્વાનુભૂતિમાં નિરાકુળ સ્વરૂપ આત્મા અનુપમ આનંદથી ભરેલા એવા પોતાના આત્માનું વેદન કરે છે.

***પ્રશ્ન*** **:—શુદ્ધતા ત્રિકાળ દ્રવ્યમાં રહે છે અને અશુદ્ધતા પર્યાયમાં રહે છે. તો શું દ્રવ્ય ને પર્યાય એવી સીમાવાળા બે ભાગ દ્રવ્યમાં છે?**

**સમાધાન :**—દ્રવ્ય જે મૂળ વસ્તુ છે, તેમાં અશુદ્ધતા પેસી જાય તો દ્રવ્યના સ્વભાવનો નાશ થઈ જાય. મૂળ વસ્તુમાં કાંઈ અશુદ્ધતા પેસતી નથી, અશુદ્ધતા ઉપર ઉપર રહે છે. જેમ સ્ફટિક નિર્મળ છે તેની અંદરમાં લાલ-પીળું પેસી જાય તો સ્ફટિક જ રહે નહિ.

**વા એહી જે મશક તીરની નીરને નક્કી સાવ,**
**છે તે અંતર્ગત મરુતનો નિશ્ચયે જ પ્રભાવ. ૧૦.**

પણ લાલ-પીળું ઉપર-ઉપરનાં પ્રતિબિંબો છે. સ્ફટિકમાં પ્રતિબિંબો ઉપર ઉપર રહે છે, પણ અંદરમાં પેસતાં નથી, મૂળમાં—તળમાં પ્રતિબિંબ જતું નથી. તેમ દ્રવ્ય પોતે શુદ્ધ રહે છે અને પર્યાય ઉપર-ઉપર રહીને તેમાં બધી મલિનતા થાય છે. આ મલિનતા અનાદિના કર્મનો સંયોગ અને પુરુષાર્થની નબળાઈને લઈને થાય છે. તેમાં મૂળ વસ્તુમાં શુદ્ધતા રહે છે અને પર્યાયમાં અશુદ્ધતા થાય છે. અનાદિથી વસ્તુ એવી છે. જેમ પાણી સ્વભાવે નિર્મળ છે, તેમાં કાદવના નિમિત્તે મલિનતા થાય છે. તો પણ મૂળમાંથી શુદ્ધતા જતી નથી. બધી મલિનતા ઉપર ઉપર થાય છે. મૂળ વસ્તુ છે તેમાં અશુદ્ધતા પેસતી નથી, ઉપર ઉપર રહે છે તો પણ અજ્ઞાની માની લે છે કે મારામાં અશુદ્ધતા પેસી ગઈ છે. આવી રીતે બે ભાગ છે કે દ્રવ્ય એ તેનું મૂળ તળ છે અને ઉપર ઉપર પર્યાયો છે. જ્ઞાયક સ્વભાવ એવો છે કે તેના મૂળમાં અશુદ્ધતા થતી નથી, પણ તેની પરિણતિ અશુદ્ધરૂપે થાય છે અને એને પલટાવી શકાય છે.

મુમુક્ષુ :—મલિનતા ઉપર ઉપર છે, પણ દ્રવ્ય જ હાથમાં નથી આવતું?

બહેનશ્રી :—મૂળ તળ હાથમાં આવી જાય તો બધું સહેલું છે, બધા વિભાવભાવ ઉપર ઉપર તરે છે, તેથી મૂળ આત્માને જાણે કે હું અધિક (બધાથી જુદો) જ્ઞાયક છું. જ્ઞાયક પોતે જ છે, બીજો નથી કે જેથી તેને (જાણવું) દુષ્કર પડે. પોતે પોતાથી પોતાને ભૂલ્યો છે તો હવે પોતા તરફ પરિણતિ વળે તો મલિનતા છૂટી જાય અને ભેદજ્ઞાન થાય.


મુમુક્ષુઃ—જેને આત્માનું પ્રયોજન મુખ્ય છે તેને સાથે મધ્યસ્થતા, જિતેન્દ્રિયપણું આદિ બધાનો મેળ હશે?

બહેનશ્રીઃ—તે બધાનો મેળ હોય છે, જિતેન્દ્રિયતા—સરળતા આદિ બધું હોય છે. જેને આત્માનું પ્રયોજન હોય તે પોતાનાં આંતરિક પરિણામ સમજી શકે છે, તેથી વધારે પડતો ક્યાંય લેપાતો નથી, આત્માને છોડીને ક્યાંય વિશેષ રસ આવતો નથી અને તેને પોતાનો આત્મા જ સર્વોત્કૃષ્ટ રહે છે. પોતાને આત્મા ન મળે ત્યાં સુધી મને આત્મા કેમ મળે તેવી ભાવના રહે છે, આ બધું નિઃસાર લાગે છે, ક્યાંય વિશેષ રસ આવતો નથી અને આત્માનું જ કરવા જેવું ભાસે છે. તે જીવ બધો વિચાર કરી આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું તેમ નિર્ણય કરે છે. નિર્ણય કર્યો હોય, પણ અંદરથી જો રુચિ મંદ પડી જાય તો નિર્ણયમાં ફેર પડી જાય છે. પરંતુ જો પુરુષાર્થ, આત્મા તરફની જિજ્ઞાસા—ભાવના—લગની એવી ને એવી હોય તો નિર્ણયમાં ફેર પડતો નથી. દરેક ઠેકાણે પુરુષાર્થ તો હોય જ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી સાધકદશામાં પણ નિરંતર પુરુષાર્થ હોય છે, તો જેને આત્માની રુચિ થઈ તેને પણ પુરુષાર્થ તો સાથે જ હોય. જેણે અંતરમાંથી નક્કી કર્યું કે આત્માનું જ કરવા જેવું છે, તેનો નિર્ણય ફરતો નથી.

## બાળ વિભાગ

# અમૂઢદષ્ટિ—અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા

(વિદ્યાધર રાજા ચંદ્રપ્રભનું ચિત્ત સંસારથી ઉદાસ થતા રાજ્યભાર પુત્રને સોંપી તીર્થયાત્રાએ નીકળ્યા. તેઓએ જંબૂસ્વામીની નિર્વાણભૂમિ મથુરાના દર્શને જવાનો વિચાર કર્યો અને શ્રી ગુપ્તાચાર્યના દર્શન કરી ત્યાંના સંઘ માટે કોઈ સંદેશ લઈ જવાનું પૂછ્યું. ત્યારે ગુપ્તાચાર્યે રાજાને સમ્યક્ત્વનો ઉપદેશ આપી ત્યાં રહેલા સુરતમુનિને વાત્સલ્યપૂર્વક નમસ્કાર કહેજો અને રેવતીરાણીને ધર્મવૃદ્ધિના આશીષ આપજો. રાજાએ મથુરા પહોંચી સુરતમુનિને નમસ્કાર કરી શ્રી ગુપ્તાચાર્યના નમસ્કાર કહ્યા. આ સાંભળી તેઓ પ્રસન્ન થયા અને સામા પરોક્ષ નમસ્કાર કર્યા ને ત્યાંના સંઘની કુશળતા સંબંધી સમાચાર જાણ્યા. હવે રાજાના મનમાં થયું કે આચાર્યશ્રીએ રેવતીરાણીને જે ધર્મવૃદ્ધિ આશિષ કહ્યા તેની પરીક્ષા કરું. અને પહેલે દિવસે મથુરાના ઉદ્યાનમાં બ્રહ્માજી પધાર્યા. સમસ્ત નગરનિવાસી દર્શને ગયા પણ ન ગયા તો એક સુરતમુનિ અને બીજા રેવતી રાણી હવે બીજે દિવસે...)




બીજો દિવસ થયો અને મથુરાનગરીના બીજા દરવાજે નાગશૈયાસહિત સાક્ષાત્ વિષ્ણુભગવાન પધાર્યા જેને અનેક શણગાર હતા ને ચાર હાથમાં શસ્ત્રો હતાં. લોકોમાં તો ફરી પાછી હલચલ મચી ગઈ; લોકો વગર વિચાર્યે દોડ્યા ને કહેવા લાગ્યા કે અહા! મથુરાનગરીના મહાભાગ્ય ખીલ્યા છે કે ગઈકાલે સાક્ષાત્ બ્રહ્માએ દર્શન દીધા ને આજે વિષ્ણુભગવાન પધાર્યા.

રાજાને એમ થયું કે આજે તો જરૂર રાણી આવશે, એટલે તેણે હોંશથી રાણીને તે વાત કરી—પણ રેવતી જેનું નામ! વીતરાગદેવના ચરણમાં જ ચોંટેલું એનું મન જરાય

> **જેની પાસે શિવપ્રમુખ સૌ છે પ્રભાવે વિહીન,**
> **તુંથી તેહ રતિપતિ ક્ષણે સર્વથા કીધ ક્ષીણ;**

ડગ્યું નહીં. શ્રીકૃષ્ણાદિ નવ વિષ્ણુ (એટલે કે વાસુદેવ) થાય છે અને તે તો ચોથા કાળમાં થઈ ચૂક્યા, દશમા વિષ્ણુનારાયણ કદી થાય નહીં. માટે, જરૂર આ બધું બનાવટી જ છે; કેમ કે જિનવાણી કદી મિથ્યા હોય નહીં. આમ, જિનવાણીમાં દૃઢ-શ્રદ્ધાપૂર્વક અમૂઢદૃષ્ટિ-અંગથી તે જરા પણ ચલાયમાન ન થઈ.

ત્રીજા દિવસે વળી નવો ફણગો ફૂટ્યો. બ્રહ્મા અને વિષ્ણુ પછી આજે તો પાર્વતીદેવી સહિત જટાધારી શંકર મહાદેવ પધાર્યા. ગામના લોકો એનાં દર્શન કરવા ઉમટ્યા; કોઈ ભક્તિથી ગયા તો કોઈ કુતૂહલથી ગયા પણ જેના રોમરોમમાં વીતરાગદેવ વસતા હતા એવી રેવતીરાણીનું તો રૂંવાડુંય ન ફરક્યું. એને કંઈ આશ્ચર્ય ન થયું. એને તો લોકોની દયા આવી કે અરેરે! પરમ વીતરાગ સર્વજ્ઞદેવ મોક્ષમાર્ગને દેખાડનારા ભગવાન! તેમને ભૂલીને મૂઢતાથી લોકો ઈન્દ્રજાળમાં કેવા ફસાઈ રહ્યા છે! ખરેખર ભગવાન અરિહંતદેવનો માર્ગ પ્રાપ્ત થવો જીવોને બહુ દુર્લભ છે.

હવે, ચોથા દિવસે તો મથુરાના આંગણે તીર્થંકર ભગવાન પધાર્યા...અદ્‌ભુત સમવસરણની રચના, ગંધકૂટી જેવો દેખાવ અને તેમાં ચતુર્મુખસહિત તીર્થંકર ભગવાન! લોકો તો ફરી પાછા દર્શન કરવા દોડ્યા. રાજાને એમ કે આ વખતે તીર્થંકર ભગવાન પધાર્યા છે એટલે રેવતીદેવી જરૂર આવશે.

પણ, રેવતીરાણીએ તો કહ્યું કે અરે મહારાજ! અત્યારે આ પંચમકાળમાં વળી તીર્થંકર કેવા? ભગવાને આ ભરતક્ષેત્રમાં એક ચોવીસીમાં ચોવીસ જ તીર્થંકર થવાનું કહ્યું છે ને તે ઋષભથી માંડીને મહાવીર સુધીના ૨૪ તીર્થંકરો થઈને મોક્ષ પધારી ગયા. આ પચ્ચીસમાં તીર્થંકર કેવા? એ તો કોઈ કપટીની માયાજાળ છે. મૂઢલોકો દેવના સ્વરૂપનો વિચાર પણ કરતા નથી ને એમને એમ દોડ્યા જાય છે.

બસ, પરીક્ષા થઈ ચૂકી! વિદ્યાધર રાજાને ખાતરી થઈ ગઈ કે આ રેવતીરાણીની જે પ્રશંસા ગુપ્તાચાર્યે કરી છે તે યથાર્થ જ છે. તે સમ્યક્ત્વના સર્વે અંગોથી શોભી રહી છે. શું પવનથી કદી મેરૂપર્વત હલતો હશે?—નહીં; તેમ, સમ્યગ્દર્શનમાં મેરૂ જેવા અકંપ સમ્યગ્દૃષ્ટિ જીવો કુધર્મીરૂપી પવનવડે જરાપણ ડગતા નથી. દેવ-ગુરુ-ધર્મસંબંધી મૂઢતા તેમને હોતી નથી. તેઓ બરાબર ઓળખાણ કરીને સાચા વીતરાગી દેવ-ગુરુ-ધર્મને જ નમે છે.

**અગ્નિઓ જે જલ થકી અહો! નિશ્ચયે બૂઝવાય,**
**રે! શું તેહ દુઃસહ વડવાવહ્નિથી ના પીવાય! ૧૧.**

રેવતીરાણીની આવી દૃઢ ધર્મશ્રદ્ધા દેખીને વિદ્યાધરને ઘણી પ્રસન્નતા થઈ અને પોતાના અસલી સ્વરૂપે પ્રગટ થઈને તેણે કહ્યું—'હે માતા ! મને ક્ષમા કરો. ચાર દિવસ સુધી આ બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરેની ઇન્દ્રજાળ મેં જ ઊભી કરી હતી. શ્રી ગુપ્તાચાર્યદેવે તમારા સમ્યક્ત્વની પ્રશંસા કરી હતી; તેથી તમારી પરીક્ષા કરવા માટે જ મેં આ બધું કર્યું હતું. અહા ! ધન્ય છે આપની શ્રદ્ધાને ! ધન્ય છે આપની અમૂઢદૃષ્ટિને ! હે માતા ! આપના સમ્યક્ત્વની પ્રશંસાપૂર્વક શ્રી ગુપ્તાચાર્ય ભગવાને આપને માટે ધર્મવૃદ્ધિના 'આશીર્વાદ' મોકલાવ્યા છે.'

અહા ! મુનિરાજનાં આશીર્વાદની વાત સાંભળતાં જ રેવતીરાણીને અપાર હર્ષ થયો...હર્ષથી ગદ્‌ગદ્‌ થઈને તેણે એ આશીર્વાદનો સ્વીકાર કર્યો ને જે દિશામાં મુનિરાજ બિરાજતા હતા તે તરફ સાત પગલાં જઈને પરમ ભક્તિથી મસ્તક નમાવીને મુનિરાજને પરોક્ષ નમસ્કાર કર્યા.

વિદ્યાધર રાજાએ રેવતીમાતાનું ઘણું સન્માન કર્યું અને તેની પ્રશંસા કરીને આખી મથુરાનગરીમાં તેનો મહિમા ફેલાવી દીધો. રાજમાતાની આવી દૃઢશ્રદ્ધા દેખીને અને જિનમાર્ગનો આવો મહિમા દેખીને મથુરાનગરીના કેટલાય જીવો કુમાર્ગ છોડીને જૈનધર્મના ભક્ત થયા અને ઘણા જીવોની શ્રદ્ધા દૃઢ થઈ. આ રીતે જૈનધર્મની મહાન પ્રભાવના થઈ.

(બંધુઓ, આ કથા આપણને એમ કહે છે કે વીતરાગપરમાત્મા અરિહંતદેવનું સાચું સ્વરૂપ ઓળખો અને તેમના સિવાયના બીજા કોઈ પણ દેવને—ભલે સાક્ષાત્ બ્રહ્મા-વિષ્ણુ-શંકર જેવા દેખાતા હોય તોપણ તેને—નમો નહીં. જિનવચનથી વિરુદ્ધ કોઈ વાતને માનો નહીં. ભલે આખું જગત બીજું માને ને તમે એકલા પડી જાઓ તોપણ જિનમાર્ગની શ્રદ્ધાને છોડો નહીં.)

આવા સુંદર આત્માને અનુભવમાં લેતાં તેના સર્વ ગુણોની સુંદરતા ને પવિત્રતા એકસાથે પ્રગટે છે. એકેક સમયની પર્યાયમાં અનંત ગુણોનો સ્વાદ ભેગો છે; તે અનુભવમાં એકસાથે સમાય છે; પણ વિકલ્પ કરીને એકેક ગુણની ગણતરીથી આત્માના અનંત ગુણોને પકડવા માગે તો અનંત કાળેય પકડાય નહીં. એક આત્મામાં ઉપયોગ મૂકતાં તેમાં તેના અનંત ગુણોની પર્યાયો નિર્મળપણે અવશ્ય અનુભવાય છે. હે ભાઈ ! આવા અનુભવની હોંશ ને ઉત્સાહ કર. બહારની કે વિકલ્પની હોંશ છોડી દે, કેમ કે તેનાથી ચૈતન્યના ગુણો પકડાતા નથી. ઉપયોગને-રુચિને બહારથી સમેટી લઈ નિશ્ચળપણે અંતરમાં લગાવ, જેથી તને તત્ક્ષણ વિકલ્પ તૂટીને અતીન્દ્રિય આનંદ સહિત અનંતગુણસ્વરૂપ નિજ આત્માનો અનુભવ થશે.

ગુરુદેવશ્રીના વચનામૃત

**સ્વામી! તુંને બહુજ ગુરુતાવંતને આશ્રનારા,**
**સત્ત્વો સર્વે હૃદમહિં તને ધારીને કયા પ્રકારા;**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૨૫ | : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૨૫ થી ૬-૪૫ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

* અમદાવાદ(મણિનગર) નિવાસી ચુનીલાલ લલ્લુભાઈ પટેલ (ઉ.વ. ૮૭) તા. ૧૪-૧૧-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સુરેન્દ્રનગર નિવાસી જિતેન્દ્રભાઈ ચીમનલાલ (ફૂલચંદ ચતુરવાળા) તા. ૧૭-૧૧-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* વાંકાનેર (સમ્યક્‌ધામ) નિવાસી શ્રી રજનીભાઈ અમરચંદ મહેતા (ઉ.વ. ૭૦) તા. ૨૦-૧૧-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મલાડ નિવાસી (મીરાં રોડ) જયેશભાઈ શાંતિલાલ મોદીના પુત્ર ચિ. પ્રજેશ (ઉ.વ. ૩૩) તા. ૨૯-૧૧-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* અમદાવાદ નિવાસી કનુભાઈ લક્ષ્મીચંદ શાહ (કોલસાવાળા) (ઉ.વ. ૯૦) તા. ૯-૧૨-૨૦૨૦ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ધર્મની સારી રુચિ ધરાવતાં હતાં.
* ઇન્દોર નિવાસી (હાલ અમદાવાદ) શ્રીમતી મીનાબેન ભરતભાઈ દેસાઈ (ઉ.વ. ૬૮)નું તા. ૧૦-૧૨-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**જન્માબ્ધિને અતિ લઘુપણે રે! તેરે શીઘ્ર સાવ,**
**વા અત્રે તો મહદ્‌જનનો છે અચિન્ત્ય પ્રભાવ. ૧૨.**

## (૮૯)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) દ્રવ્ય તેને કહેવાયકે જેના કાર્ય માટે ........................ રાહ જોવી ન પડે.

(૨) જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ .................. છે.

(૩) અવગાહન હેતુત્વ ..................... દ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીએ .............................. શાસ્ત્રનો સાતમો અધિકાર પોતાની હાથે પેન્સિલથી લખી લીધો હતો.

(૫) શિવપિંડી સામે કરેલ સમંતભદ્ર સ્વામીની ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિને ........................... કહે છે.

(૬) વિપરીત માન્યતાનું ફળ ............... છે. અવિપરીત માન્યતાનું ફળ............. છે.

(૭) ................ આંકડો અફર છે.

(૮) ચક્રવર્તીને .............. કવળનો આહાર હોય છે.

(૯) જે ગુણને લીધે આત્મામાં સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા ન હોય તે ગુણને ................. કહે છે.

(૧૦) સમ્યક્દર્શન થતા................ અંગ પ્રગટ થાય છે.

(૧૧) બધા તાળાની ચાવી એક છે, ...............................

(૧૨) કર્મનો ઉદય આવે ત્યારે વિકાર કરવો જ પડે એવો................. નથી.

(૧૩) મહાવીર ભગવાનને .................. નદીના કિનારે કેવળજ્ઞાન થયું.

(૧૪) શ્રી સમયસારજીની સ્તુતિ પં. શ્રી ................................ બનાવેલ છે.

(૧૫) પૂજ્ય ગુરુદેવશ્રીએ આ નવો પંથ નથી કાઢ્યો પણ આ ............ નો માર્ગ છે.

(૧૬) બહારની એક ચીજ છોડતા તને દુઃખ થાય છે, તો બહારના બધાય (૧)............. (૨) ............... (૩)............ (૪)...............એક સાથે છૂટતાં તને કેટલું દુઃખ થાશે?

(૧૭) જેને બાહ્ય પદાર્થની વિશેષતા ભાસે છે તેને .......... અતિશયતા ભાસતી નથી.

(૧૮) આત્માનો સ્વભાવ ........................ છે.

(૭૯) પર્યાય મૂઢઃ..............

(૮૦) પુણ્ય અને પાપ બન્ને ........... અને ................ની બેડી છે.

## (૮૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) પુદ્‌ગલના પરમાણુઓની સ્કંધરૂપ અવસ્થા .............. ગુણના કારણે થાય છે. (રસ, સ્પર્શ, વર્ણ)

(૨) ............ દ્રવ્યનો અસ્તિકાયમાં સમાવેશ નથી. (કાળ, આકાશ, જીવ)

(૩) વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશીપણું એ ત્રણ લક્ષણો સાચા ...........ના છે. (દેવ, ગુરુ, શ્રાવક)

(૪) છઢાળાના રચયિતા ...................... છે. (પં. દૌલતરામજી, પં. જયચંદજી, પં. ટોડરમલજી)

(૫) સીમંધર આદિ વીસ તીર્થંકર ભગવાન .............. ક્ષેત્રમાં હાલ બિરાજી રહ્યા છે. (ભરત, ઐરાવત, મહાવિદેહ)

(૬) જ્ઞાનના .................. ભેદ છે. (ત્રણ, ચાર, પાંચ)

(૭) સુવર્ણપુરી સોનગઢમાં પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત .............. મંદિરમાં કોતરાયેલા છે. (સ્વાધ્યાય, નંદીશ્વર, પરમાગમ)

(૮) સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ શક્તિને ............... ગુણ કહે છે. (વીર્ય, અગુરુલઘુ, અવ્યાબાધ)

(૯) સ્વસ્વરૂપમાં સ્થિરતા કરવી એ ......... ગુણની પર્યાય છે. (જ્ઞાન, દર્શન, ચારિત્ર)

(૧૦) દ્રવ્યનો આકાર ................ ગુણના કારણે હોય છે. (દ્રવ્યત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ)

(૧૧) ............... ભગવાનનો પાંચ બાલયતિમાં સમાવેશ નથી. (મલ્લિનાથ, મહાવીર, શાંતિનાથ)

(૧૨) પૂજ્ય બહેનશ્રીને સૌ પ્રથમ વખત પૂજ્ય ગુરુદેવશ્રીનો પરિચય વિ.સં. ............ ની સાલમાં થયેલ. (૧૯૮૫, ૧૯૮૪, ૧૯૯૦)

(૧૩) અભાવના ............... ભેદ છે. (ચાર, બે, ત્રણ)

(૧૪) સાત તત્ત્વ મારફત ............. ને જાણી શકાય છે. (કર્મ, શુદ્ધાત્મા, પુણ્ય-પાપના ભાવ)

(૧૫) પુષ્પદંત ભગવાનનું ચિહ્ન ................ છે. (હાથી, માછલી, મગર)

(૧૬) તીર્થંકર ભગવાનનું પુરાણ એ ................. નું શાસ્ત્ર છે. (દ્રવ્યાનુયોગ, પ્રથમાનુયોગ, ચરણાનુયોગ)

(૧૭) શ્રી કુંદકુંદાચાર્યદેવના તીર્થની પ્રભાવના ................... એ કરી છે. (શ્રીમદ્ રાજચંદ્ર, પૂજ્ય બહેનશ્રી, પૂજ્ય ગુરુદેવશ્રી)

(૧૮) પુદ્‌ગલ દ્રવ્યના ............. ભેદ છે. (ચાર, બે, છ)

(૧૯) નાનામાં નાનો નિગોદનો જીવ ...................... પ્રદેશી હોય છે. (અનંત, સંખ્યાત, અસંખ્યાત)

(૨૦) દેવના જીવોને નિયમથી ............. જ્ઞાન હોય છે. (અવધિ, મનઃપર્યય, કેવળ)

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર – ૨૦૨૦ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | લોકાકાશ | (૮) | એક | (૧૫) | વિશ્વ |
| (૨) | અલોકાકાશ | (૯) | નિશ્ચયકાળ – વ્યવહારકાળ | (૧૬) | અનંત |
| (૩) | લોકાકાશ – અલોકાકાશ | | | (૧૭) | આકાશ |
| | | (૧૦) | દ્રવ્ય | (૧૮) | અનંત–લોકાકાશ |
| (૪) | પુદ્‌ગલ | (૧૧) | જીવ – પુદ્‌ગલ | (૧૯) | અરૂપી |
| (૫) | ચાર | (૧૨) | અસ્તિકાય | (૨૦) | લોકાકાશ |
| (૬) | સંસારી – સિદ્ધ | (૧૩) | પરમાણુ – સ્કંધ | | |
| (૭) | અસ્તિકાય | (૧૪) | અરૂપી | | |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ડિસેમ્બર– ૨૦૨૦ના ઉત્તર

(૧) ભેત્તારં કર્મભૂભૃતામ્
(૨) છઠ્ઠા અને સાતમા
(૩) તૈજસ અને કાર્માણ
(૪) ચૌદ અને દસ,
(૫) પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના,
(૬) અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ,
(૭) અરૂપી,
(૮) હિંમતલાલ જેઠાલાલ શાહ,
(૯) આપ્ત,
(૧૦) તત્ત્વાર્થસૂત્ર–મોક્ષશાસ્ત્ર,
(૧૧) દૌલતરામજી,
(૧૨) સમયસારજી,
(૧૩) વિના ભાન ભગવાન, સેવ્યા નહીં ગુરુ સંતને,
(૧૪) ત્રણ,
(૧૫) મુમુક્ષુને પાતી અમૃતરસ, અંજલી ભરી ભરી
(૧૬) તારો ઉપયોગ પલટાવી નાખ,
(૧૭) ઘટ ઘટ અંતર જૈન, મત મદિરાકે પાનસો
(૧૮) હેય
(૧૯) અગિયારમું
(૨૦) મનઃપર્યય

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● ખરેખર ત્યાગ કોને કહે ?—અતીન્દ્રિય આનંદના નાથની દૃષ્ટિ તો થઈ છે ને રાગરૂપે નહીં થનારો મારો જે દ્રવ્યસ્વભાવ છે તે રાગરૂપે થતો નથી એમ દ્રવ્યસ્વભાવમાં ઠરે છે ત્યારે રાગનું પરિણમન છૂટી જાય છે એ રાગનો ત્યાગ છે. ખરેખર તો રાગનો ત્યાગ કરે છે એમ કહેવું એ પણ આત્મામાં નામમાત્ર છે. કેમકે રાગરૂપે થયો નહીં ને આનંદરૂપે પરિણમતા, આત્મામાં સ્થિર થતાં રાગ ઉત્પન્ન ન થયો તેથી રાગનો ત્યાગ કરે છે એમ કથનમાત્ર છે. ૪૩૬.

● હે ભવ્ય ! ''રાગ એ મારું કાર્ય છે. રાગ તે હું છું''—એવો અકાર્ય કોલાહલ છોડી દે. શુભરાગ છે એ પણ તારું કાર્ય નથી. રાગ એ તારું અકાર્ય છે. દયા-દાન-વ્રત-તપ-ભક્તિનો રાગ હો કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ—રાગ હો પણ એ નકામો કોલાહલ છે. એ કોલાહલથી તને શો લાભ છે પ્રભુ ! એ કોલાહલથી તું વિરક્ત થા. પુણ્યના પરિણામના કાર્યથી તું છૂટો થા. ૪૩૭.

● પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ. પર્યાયને પણ ન દેખ. પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખતત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે ? બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદૃશ પ્રભુ છે તેને છ માસ તપાસ. ૪૩૮.

● અહીં છ—માસનો અભ્યાસ કહ્યો તેથી એટલો જ વખત લાગે તેમ ન સમજવું. ખરેખર તો એક સમયમાં પ્રાપ્ત થાય છે પણ ઉપયોગ અસંખ્ય સમયનો હોવાથી અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત થાય છે પરંતુ શિષ્યને કઠિન લાગતું હોય તો કહે છે કે છ—માસથી વધુ કાળ નહીં લાગે માટે જ્ઞાયક ભગવાનની લગની લગાવ. ૪૩૯.

● પરથી વિરક્તતા અને વિભાવની તુચ્છતા આવ્યા વિના અંદર આવી શકે નહીં. સ્ત્રી, પુત્ર, પૈસા આદિથી અમે વધ્યા છીએ એમ માને તે મૂઢ છે. જેને પરદ્રવ્યની વિરક્તતા લાગે નહીં. રાગાદિ વિભાવની તુચ્છતા લાગે નહીં ને અંદર તાલાવેલી અર્થાત્ ઉત્કંઠા જાગે નહીં તે અંદરથી ક્યાંથી જઈ શકે ? ૪૪૦.

● જેને આત્મા પોષાય છે તેનાથી આત્મા ગુપ્ત રહેતો નથી. પૂરણ સ્વરૂપ ભગવાન આત્મા જેને રુચિમાં પોષાય છે અને બીજું પોષાતું નથી તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. ૪૪૩.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૨૧
અંક-૫ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-1-2021
Posted on 1-1-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org